પ્રાચિન ધર્મશાસ્ત્રોમાંય આવતી સંગીત વિષયક ઉકિતઓ અને અદ્યપિ પર્યંત દેવમંદીરોમાં થતાં કિર્તનો અને સ્તુતિગાનો આર્ય પ્રજાના સંગીત પ્રત્યેના ભાવ, ભકિત ને તન્મયતાના પુરાવાઓ છે.

પાશ્ચિમાત્યોએ બુદ્ધિબળે જ્યારે આપણી પાસેથી શિખેલા ને જાણેલાં સાધનોમાં સુધારા કરી વધુ સુંદર પ્રગતિ સાધી ત્યારે આપણે અંધશ્રદ્ધાના ઓછાયા ઓઢી પડી રહ્યા. એટલોજ ફેર છે. —અસ્તુ.

—०—

તમારાં કપડાં

° તમારાં વ્યકિતત્વનો આયનો

એકજ નજરમાં તમારાં કપડાં પર કોઇની પણ નજર ખેંચાય એવી સુંદર અને સ્ટાઈલીસ સિલાઇ અમારે ત્યાં થાય છે.

° અપટુડેટ સરવીસ.

ટાઇમસર જરૂરીઆત પ્રમાણે કપડાં તૈયાર કરવાં એ અમારી ફરજ છે. અમારૂં ટેલરીંગ ડીપાર્ટમેંટ ગમે તેવા મોટા ઓર્ડરો પુરતા પાડી શકે છે.

° વ્યાજબી ભાવ

કોટ, પેન્ટ, સુટ, શર્ટસ, લોંગકોટ અને બીજા જરૂરીઆતના કપડાં છેલ્લામાં છેલ્લી ઢબના કટમાં તદ્દન વ્યાજબી ભાવથી સીવી આપવામાં આવે છે.

આજેજ મુલાકાત લઈ ખાત્રી કરો.

અપટુડેટ
ફેશનનું
કાપડ
સસ્તી કીંમતે અમારી
દુકાનેથી ખરીદવા
ભલામણ છે.

દિવાલીના
તહેવારો માટે ખાસ
નવીન અને આકર્ષક
ડીઝાઇનોનો મોટો
કાપડનો સ્ટોક
તૈયાર છે

ગૃહસ્થો માટે
ખાસ

ફેન્સી
શુટીંગ, શર્ટીંગ,
પેન્ટ અને કોટ માટે
કોટીંગ
દેશી તથા વિલાયતી
વ્યાજબી દામે
મલી શકશે.

પ્રમાણીકપણું
એજ
અમારો મુદ્રાલેખ છે.

અમારા શો રૂમની
મુલાકાત લેવા
વિનંતી છે.

વકીલો, કોલેજીઅન્સ, કપડાં ડોકટર્સનાં સીવી
તેમનો પુરતા સંતોષ મેળવનાર.

મોડલ સ્ટોર્સ

ગાંધીરોડ, મોડલ પેલેસ, અમદાવાદ.



જેના કંઠમાંથી સ્વરની
સરિતા વહે છે તે
સ્વરરાણી............

— સરિતા —

વાડીઆ મુવીટોન ના
ચિત્રોના ગાયનોની
રેકર્ડો ઉપર રંગત
જમાવે છે.

સા..લ....મુ..બા..ર..ક

તમારા મનગમતા કલાકારોની
ઓડીયન
રેકર્ડસ જરૂર સાંભળો

મણીબાઇ ગરબાપાર્ટી, ઉમરાવાલા અને પાર્ટી...શ્રી ઘેલાણી અને પાર્ટી...મી. મોહન ઉનાવાલા મી. કાશીનાથ, પંડીત દેવેન્દ્રવિજય વિગેરે.

રેકર્ડ ખરીદતાં
પહેલાં આ નામનેજ
—પસંદગી આપો—

ઓડીયન

એટલે
○ શાસ્ત્રિય સંગીત
○ કર્ણપ્રિય અવાજ
○ શિષ્ટ શાહિત્ય

....

ફીલ્મો.....
બાંકે સાંવરીયા
મોતીકા હાર
જીવન નાટક
પ્રેમકી જ્યોત

સ્વ. સંગીતરત્ન ખાનસાહેબ
અબ્દુલકરીમખાં
ની રેકર્ડ ફક્ત ઓડીયન ઉપરજ
———સાંભળવા મળે છે———
—સચિત્ર કેટલોગ માટે લખો——

○ સૌ. હિરાબાઇ બરોડેકર
○ બાઇ સુંદરાબાઇ
○ દુર્ગાબાઇ ખોટે
○ મા. જી. એમ લોંઢે

મા. કૃષ્ણરાવનું
મનમોહક
સંગીત

: રૂબી રેકર્ડ કંપની. કોટ.....મુંબઈ :

મુંબઇનું ગ્રામોફોન બજાર

નં. ૧૭૧ પાનાથી શરૂ.

છે. દુકાનની પ્રગતી સારી છે. કામકાજ વધારવા ધારે તો વધારી શકે છે. સંચાલક અનુભવી અને મીલનસાર હોવાથી બીઝનેસ સારૂં ચાલે છે આ દુકાન દીનપ્રતીદીન સારી પ્રગતી કરે છે અને ટુંક સમયમાંજ સારી ખ્યાતી મેળવી શકી છે.

મહમદઅલી ફોનો માર્ટ.

નોનડીલર હોવા છતાં આ દુકાન ભીંડીબઝાર ઉપર સારૂં ધ્યાન ખેંચે તેવા છે. ઉર્દુ–ગુજરાતિ રેકોર્ડોનો ઉઠાવ સારા પ્રમાણમાં કરે છે. ગ્રામોફોન તેમજ તેને લગતો સામાન પણ રાખે છે. ગ્રહાંકોની ચાહના સંચાલકોએ મેળવી છે અને ધીમે પગલે મક્કમ રીને ધંધાને આગળ વધારી રહ્યા છે.

મદીના ફોનો માર્ટ.

ભીંડી બઝાર હાલમાં ગ્રામોફોનના ધંધા માટે સમૃધ્ધ ક્ષેત્ર બની ગયું છે. ગ્રામોફોનની કેટલીય દુકાનો વચ્ચે મદીના ફોનોમાર્ટ નામે દુકાન આવેલી છે અને તે સારૂં ધ્યાન ખેચી રહી છે. ગ્રાહકો સારા પ્રમાણમાં મેળવે છે. ઉર્દુ રેકોર્ડોનો ઉઠાવ ઘણો સારો કહી શકાય. રીપેરીંગનું કામકાજ પણ ધ્યાનથી કરવામાં આવે છે આ દુકાનનું ભાવિ ઉજવળ છે.

ઇન્સાફ ફોનો માર્ટ

ભીંડી બઝાર પરની આ દુકાનની પ્રગતિ નોંધ લેવા લાયક છે. ટુંક સમયમાં સારામાં સારૂં સ્થાન આ દુકાને પ્રાપ્ત કર્યું છે. રેકોર્ડસ , પીન, વાંજાઓ તેમજ સ્પેરપાર્ટસ સારા પ્રમાણમાં વેચાય છે. 'યંગઇન્ડીયા'ની ડીલરશીપ હોવાથી ત્રીરંગી ઝંડા છાપ ઉર્દુ રેકોર્ડોનું વેચાણ ઘણુ જ જોરદાર ચાલે છે. વધુમાં 'રીગલ' રેકોર્ડના ફેકટર નિમાયા હોવ થી સંચાલકોની બાહોશીનો ખ્યાલ આવી જાય તેમ છે. આ દુકાનનું ભાવિ ઉજ્જવળ જણાય છે યંગ ઇન્ડીયાના પણ ડીલર છે. શ્રી. અલારખાભાઇનો મળતાવડો સ્વભાવ એકંદરે આ દુકાનને સારી પ્રગતિ સધાવી શક્યો છે.

લાલબાગ.

નવજીવન વોચ એન્ડ ગ્રામોફોન કંપની

લાલબાગ એ મુંબઇનું મીલ વિસ્તારનું ખાસ મથક છે અને ટ્રામ જંકશન છે. ત્યાં વસ્તી મધ્યમવર્ગની છે અને એ સ્થાનમાં ઉપરોક્ત દુકાન આવેલી છે. ગ્રામોફોન અને ઘડીયાલનું કામકાજ તેમજ વેચાણ બહોળા પ્રમાણમાં ચાલે છે. માલેકો મળતાવડા સ્વભાવના અને આનંદી છે. ધંધાની પ્રગતિની ચાવીઓ જાણે છે તેથી દુકાનને ભવ્ય બનાવી શક્યા છે. ઘડીયાળોનું વેચાણ બહોળા પ્રમાણમાં થાય છે. ગ્રામોફોન તેમજ ઘડીયાળોનું રીપેરીંગ કામ ખુબજ સાવચેતી પુર્વક કરવામાં આવે છે. પોતાના સ્વતંત્ર માર્કાનાં વાજાંઓ બનાવવાનો પ્રયાસ થાય છે અને તેમાં સુંદર સફળતા મળતી જાય છે. આ દુકાનના મુખ્ય કર્તા હર્તા મી. છોટાલાલ દુકાનના માલેકોને સારો સહકાર આપી રહ્યા છે. વેપાર ધંધો સારો કહી શકાય.

યુનિવર્સલ વોચ એન્ડ ગ્રામોફોન કંપની

મીલ વિસ્તારનું મોટામાં મોટું અને ભરચક મથક પરેલ. આ જગ્યાએ ઉપરોક્ત કંપનીનું સ્થાન ઘણું આગળ પડતું કહી શકાય ગ્રામોફોન તેમજ ઘડીયાલોના બીઝનેસમાં સારી પ્રગતિ સાધી છે દુકાનનો મોભો ઘણો સારો છે. વેપારનું એક સુંદર મથક આ દુકાન છે કંપનીના માલેક શ્રી ગુલાબદાસ ઘડીયાલી છે. ગ્રામોફોન રેકોર્ડસનું વેચાણ ત્યાંના પ્રમાણમાં સારૂં કહી શકાય.

સંઘવી વોચ એન્ડ ગ્રામોફોન કંપની.

યુનીવર્સલની સામેની બાજુ આ દુકાન આવેલી છે. ઘડીયાળો તેમજ ગ્રામોફોનને લગતા વેચાણ તેમ જ રીપેરીંગના કામકાજમાં સારી ખ્યાતિ મેળવી છે. પરેલ ઉપર આ દુકાનનું નામ સારા પ્રમાણમાં જાણીતું છે. મધ્યમ વર્ગની ઘરાકી સારાં પ્રમાણમાં રહે છે. દુકાનને હજુ પણ પ્રગતિને માર્ગે લઇ જવા માટે સંચાલકો પ્રયત્નો કરી રહ્યા છે.

દાદર [બી. બી. સી. આઇ. રેલ્વે.]

ઓરીએન્ટલ વોચ એન્ડ ગ્રામોફોન કંપની

બી. બી. રેલ્વેના દાદર વિભાગ તરફ આ દુકાન આવેલી છે. એ વિભાગ તરફની આ ઘણી જુની દુકાન છે અને જનતાની સારી ચાહના મેળવી છે. દુકાનના સંચાલક મી. કાનજીભાઇ ઘડીયાલ તેમજ ગ્રામોફોનને લગતો સુંદર અનુભવ ધરાવે છે. રેકોર્ડો તેમજ વાંજાઓનો ઉઠાવ ઠીક કહી શકાય દુકાનને વધુ જાહેર બનાવનાની માલેકની ઇચ્છા છે અને તે મુજબ દરેક કામકાજ ઉપર બારીક ધ્યાન આપવામાં આવતું હોવાથી ભાવિ ઉજ્જવળ જણાય છે.

સેન્ટ્રલ વોચ એન્ડ ગ્રામોફોન કંપની

ઉપરોક્ત દુકાન દાદર તરફ આવેલી છે અને ઘડીયાળ તેમજ ગ્રામોફોનને લગતા કામકાજમાં સારી પ્રગતિ સાધી રહી છે. આ કંપનીના સંચાલક મી. જગજીવનદાસ છે અને કંપનીની વ્યવસ્થા તેમના ભાઇ મી. કેશવલાલના હાથમાં છે. મી. જગજીવનદાસ 'ઓરીયેન્ટલ'ના ભાગીદાર હતા અને સારી રીતે અનુભવ મેળવ્યા બાદ તેમણે પોતાની સ્વતંત્ર દુકાન સ્થાપી છે. મી કેશવલાલની ઉંમર નાની હોવા છતાં પણ વડીલ બંધુ પાસેથી સારો અનુભવ મેળવ્યો છે એમ કહેવું પડશે. તેઓ એક અચ્છા 'સેલ્સમેન' કહી શકાય, સંચાલકો ધંધા ઉપર પુરતું ધ્યાન આપતા હોવાથી ઘડીયાલ તેમજ ગ્રામોફોન બન્ને ધંધામાં સારી પ્રગતિ સાધી શક્યા છે.

મહારાષ્ટ્ર વોચ અને ગ્રામોફોન કંપની–આ દુકાન પણ ગ્રામોફોનને લગતું કામકાજ કરતી હોવાને કારણે નોંધ માંગી લે છે અહિં ખાસ કરીને ઘડીયાળોનું કામકાજ મોટા પ્રમાણમાં થાય છે. રીપેરીંગ એતો આ દુકાનની સ્પેશીઆલીટી છે. આ કંપનીના ગ્રાહકો જાણે બાંધેલાજ છે. બીઝનેસ સારૂં છે.

લક્ષ્મી ફોનોમાર્ટ–દાદરમાં આ નામની પણ એક દુકાન છે. આ દુકાન ગ્રામોફોનનો બીઝનેસ સારા પ્રમાણમાં કરતી જણાય છે. રેકર્ડોનું વેચાણ પણ આ દુકાને ઠીક જણાય છે.

ભાયખલા.

અવર બુક સ્ટોલ–આ દુકાન ભાયખલા ઉપર આવેલી છે. હિઝ માસ્ટર્સ વ્હોઇસની ડીલરશીપ ધરાવે છે. એકંદરે દુકાનનું સ્થાન યોગ્ય સ્થળે આવેલ હોઇ આસપાસના લત્તાઓનું સારૂં ધ્યાન આ દુકાન ખેંચી રહી છે.

૦ શ્રી. આણંદજી કલ્યાણજી વારા.

શ્રી. કાનજીભાઇ
પ્રો. ઓરીએન્ટલ વોચ
એન્ડ ગ્રામોફોન કંપની

શ્રી. જમનાદાસ
રાઘવજી એન્ડ કું. ના
મુખ્ય કાર્યકર્તા.

મુંબઇના ગ્રામોફોન બજારની

૦ શ્રી. આણંદજી કલ્યાણજી વારા.

શ્રી. કાનજીભાઇ
પ્રો. ઓરીએન્ટલ વોચ
એન્ડ ગ્રામોફોન કંપની

શ્રી. જમનાદાસ
રાઘવજી એન્ડ કું. ના
મુખ્ય કાર્યકર્તા.

કેટલીક જાણીતી વ્યક્તિઓ

૦ શ્રી. કે. ટી. સંપત.
પ્રો૦ ઇમ્પીરીયલ ગ્રામોફોન માર્ટ.

શ્રી અલ્લારખાભાઈ
પ્રો. ઈન્સાફ ફોનો માર્ટ

શ્રી. જુમાભાઈ
પ્રો. ઈલેક્ટ્રીકલ ફોનો
માર્ટ અને એમ્બે
ગ્રામોફોન કંપની.

○ શ્રી. કે. ટી. સંપત.
પ્રો૦ ઈમ્પીરીયલ ગ્રામોફોન માર્ટ.

શ્રી અલ્લારખાભાઈ
પ્રો. ઈન્સાફ ફોનો માર્ટ

શ્રી. જુમાભાઇ
પ્રો. ઇલેક્ટ્રીકલ ફોનો
માર્ટ અને ઓમ્એ
ગ્રામોફોન કંપની.

+ 2 Genuine PRODUCTS of KOPRAN

NATURE
PLUS
SCIENCE
KOPRAN
CONTAINS THE ACTI
PRINCIPLES OF B
KOPRAN
KP

PRODUCED *The most effective dentifrice in the World!*

MFGD. BY.
KOPRAN CHEMICAL Co
BOMBAY
PROP :-
MAGANBHAI AMIN & Co

Sold everywhere in two sizes, medium and large.

Nature provided Babool, unequalled for maintaining health and firmness in gums, Science added the most effecative antisptic, astringent ond antacid cleansing agents yet discovered. The result is KOPRAN for perfect mouth hygiene.

KOPRAN
TOOTH-PASTE

No more Bleeding or paining Gums

Clean your teeth with the special Toothpaste for

TENDER GUMS

Tender gums—weak teeth? Use the special toothpaste—it strengthens tender gums.

Available at all chemists.

Tendergum
for weak gums & teeth

"Tendergum"
For very tender gums

Specially Made for Ladies, Children and Old People

SAMPLE FREE ON APPLICATION FROM

Manufacturers:
KOPRAN CHEMICAL CO.,
(Props. Maganbhai Amin & Co.), Fort, BOMBAY.

Bombay Distributors:
Lavchand Varajdas & Co.,
Princess Street.

KOPRAN CHEMICAL CO., BOMBAY.

ગરવી ગુજરાતનું ગ્રામોફોન બજાર

ગુજરાત...! ગરવી ગુજરાત: તેનું ગ્રામોફોન બજાર પણ ગૌરવવન્તું હોવુંજ જોઇએ! ગુજરાત અનેક ઉદ્યોગોને પોતાને ત્યાં અપનાવ્યા છે તો ગ્રામોફોન ઉદ્યોગને પણ તે અપનાવે તેમાં કાંઇ નવાઇ નથીજ

આમ છતાંયે ગુજરાતનું ગ્રામોફોન બજાર કાંઈક ન્હાનું જણાય છે. ગુજરાતને આંગણે ગ્રામોફોન ઉદ્યોગમાં ઝંપલાવનારા વેપારીઓની સંખ્યા વધુ નજ કહી શકાય. ગુજરાતના મુખ્ય સ્થળોમાં અમદાવાદ, વડોદરા, સુરત, ગોધરા, અને વીરમગામ જણાય છે. આ શિવાય બીજા ગામોમાં પણ વેપારીઓ છે પણ તે ગુજરાતના પ્રમાણમાં વધારે નજ કહેવાય!

એ ગમે તે હોય પરંતુ ગરવી ગુજરાતના વેપારીઓ તરફથી આ અંકને વધુમાં વધુ આવકાર અને ટેકો મળ્યો છે. અમદાવાદ અને વડોદરાના વેપારી બિરાદરોએ અંકની સફળતા માટે દરેક રીતની સહાય સારામાં સારી રીતે કરી છે, એમ અવશ્યજ કહેવું જોઇએ.

ગુજરાત ગરવી છે. તેના થોડા ઘણા વેપારીઓ પણ સમસ્ત હિંદમાં પોતાનું નામ ગજાવી શકે છે. ગુજરાત વેપારી છે, વેપારી બુદ્ધિ એ તો ગુજરાતનો જુનજૂનો વારસો છે, નાનકડા દેખાતા ગુજરાતે રેકર્ડ કંપનીઓ નભાવી છે, રેકર્ડ કંપનીઓ સદાએ પડતા ધંધાની પ્રગતિ માટે ગુજરાત તરફજ આશાતુર નજરે નીહાળે છે. જેમ દરેક ધંધામાં ગુજરાતનું સ્થાન ગૌરવવાન છે તેમજ ગ્રામોજગતમાં પણ ગુજરાતનું સ્થાન પ્રથમ છે. ગ્રામોબજારની ઉન્નતિનો મોટો આધાર ગુજરાત ઉપર છે એની ના નહિજ કહી શકાય!

આ ગુજરાતના જાણીતા કેટલાક ગામો અને તેના ગ્રામોબજારના વેપારીઓ તરફ દ્રષ્ટિપાત નાંખીએ!

અમદાવાદ.

અમદાવાદ એટલે ગુજરાતનું પાટનગર. રાજનગરની જનતા રંગીલી રસપીપાસક છે. રેકર્ડો નવી બહાર પડતાંજ દર મહીને ગ્રામોફોનની દુકાનો ઉપર પહોંચી જવું એ શોખીન અમદાવાદીઓનો સ્વભાવ છે. દરેક જાતની રેકર્ડોને સારામાં સારો આવ આવકાર અમદાવાદ આપતું આવ્યું છે, ગ્રામોફોન રેકર્ડોના દરેક દરેક યુગમાં સારામાં સારો ફાળો નોંધાવ્યો હોય તો તે અમદાવાદેજ! લગભગ પાંચ-

સ્વ. શ્રી. ગણપતલાલ માધવલાલ.
—અમદાવાદ—



શ્રી. ભોગીલાલ વકીલ.
કે. બી. વકીલ એન્ડ કંપની, અમદાવાદ.

તમારી મનગમતી રેકર્ડો

—ખરીદવા માટે પધારો—

રીગલ રેકર્ડસ

ના
ફેકટર્સ

કોલમ્બીઆ

રેકર્ડ કંપનીના
ઓથોરાઇઝડ
ડીલર્સ

ગ્રામોફોન

ખરીદવું હોય તો
આ દુકાનની મુલાકાત
લ્યો.

ભીંડીબજાર પરની સુંદર
અને સુસજ્જીત ગ્રામોફોનની
દુકાન

YOUNG INDIA

યંગ ઈંડીઆ
રેકર્ડઝના
ઓથોરાઈઝડ ડીલર

પ્રમાણીકપણું એ
અમારો મુદ્રાલેખ છે

ગ્રામોફોન રીપેરીંગ

અંગત દેખરેખ નીચે
કરી આપવામાં
આવે છે.

ઇન્સાફ સદા ઇશ્વરના
ઇન્સાફમાં માને છે
અને
તેથી ગ્રાહકોને છેતરાવાની
-કદીજ ધાસ્તી નથી-

Columbia Records
MAGIC NOTES
TRADE MARK

રીગલ ફેકટર્સ:-

◆ ઇન્સાફ ફોનો માર્ટ ◆

ઇબ્રાહીમ રહીમતુલ્લા રોડ—જે. જે. હોસ્પીટલની પાસે, મુંબઇ.

શ્રી. હીરાલાલ બી ત્રીવેદી
અમદાવાદ.

થી ૭ લાખની વસ્તી અને લગભગ ૯૦ થી ૧૦૦ મીલોથી ભરપૂર વેપાર ઉદ્યોગનું કેંદ્રસ્થાન તે અમદાવાદ! હિંદનું મેંચેસ્ટર કહેવાતા આ શહેરમાં પૈસો છે, બુદ્ધિ છે, સાહસ કરવાની ધગશવાળા વેપારીઓ છે, ગ્રામોફોન બજારની અગત્યની વ્યક્તિઓમાં અમદાવાદનો ફાળો ઓછો નથીજ ! આર. એ. સી, મશીનરીને પહેલ-વહેલાં લાવનાર, પી. કસ્ટીઆ. તે અમદાવાદના ગુજરાતી રેકોર્ડીંગમાં અંગત રસ લઇ ગુજરાતનાં ભજનો અને ગરબાઓને જીવતા રાખનાર શ્રી. સ્વ. 'માધવ લાલ' તે અમદાવાદના ડીસ્ટ્રીબ્યુટરશીપની પહેલ વહેલી શરૂઆત કરનાર. શ્રી. એમ. એમ. મહેતા તે અમદાવાદના અને આજેય જેની હિંદભરના ગ્રામોજગતમાં એક મોટામાં મોટા અગત્યના વેપારી તરીકે ગણત્રી થાય છે તે શ્રી. હીરાલાલ પણ અમદાવાદના 'યંગ ઇન્ડીયા'નો વાવટો ફરકતો રાખનાર શ્રી. ચંદ્રકાન્ત શાહ પણ અમદાવાદનાજ વાસી, અને વેસ્ટનઇન્ડીઆવાળા શ્રી. પાઠકની દ્રષ્ટિ પણ ધંધાને માટે પડી તે અમદાવાદ ઉપરજ ! આમ અમદાવાદ ગુજરાતના ગ્રામોબજારનું મોટામાં મોટું અને વધુમાં વધુ અગત્યનું મથક છે.

હીરાલાલ બી, ત્રીવેદીની કંપની—અમદાવાદને આંગણે આવનાર ગ્રામોફોન બજારનો કોઈ પણ વેપારી ભાગ્યેજ આ દુકાનની મુલાકાત લીધા વગર પાછો ફરતો હશે! સ્વભાવે હસમુખા, બોલકણા અને વેપારી બજારમાં મુત્સદી તરીકે ઓળખાતા શ્રી. હીરાભાઇની ઓળખાણ હવે ગ્રામોજગમાં નવી નથીજ. હીરાભાઈએ લગભગ ૧૮ વર્ષની ઉમરે વેપારી લાઇનમાં ઝુકાવી ઇસ્વી, ૧૯૦૯ માં રીચીરોડ ઉપર હારમોનીયમ, વાંસળીઓ, અને પરફ્યુમરીની દુકાનમાં ભાગીદારી કરી. અને તે સત્યાનારાયણ ટ્રેડીંગ કંપનીમાં લગભગ દસથી બાર વર્ષ તરીકે રહી તમણે ૧૯૨૦ ની સાલમાં પોતાની સ્વતંત્ર ગ્રામોફોનની દુકાન ખોલી, ટુંક સમયમાંજ આ દુકાને પ્રગતિ સાધી, ૧૯૨૭ માં હિઝ માસ્ટર્સ વ્હોઇસ રેકોર્ડોની ડીલરશીપ મેળવી. HMVની રેકોર્ડોનું વેચાણ ઘણાં સારા પ્રમાણમાં આ દુકાન કરતી હોઇ તે વખતના ગ્રામોફોન કંપની લી. ની મુંબઇ ઓફીસના રેસીડન્સ મેનેજર શ્રી. ઇવાન્સ સહેબે ત્યાં મુખ્ય કાર્યકર્તા શ્રી. આર ડી. રૂપજીએ તેમના કાર્યની ખુબ પ્રસંશા કરી, અને તેનાજ પરિણામે કહો કે શ્રી. હીરાભાઇની વ્યાપરી કુનેહથી કહો—૧૯૩૨માં આ દુકાનની 'ટવીન ફેક્ટર' તરીકે નીમણુંક થઈ.

શ્રી શંભુભાઇ
જી એ માધવલાલની કંપની, અમદાવાદ

—०—

—દીન પ્રતિદીન આ દુકાનની પ્રગતિ વધતીજ ગઈ, H. M. V. રેડીયો સેટ બજારમાં મુકાતાં તેની એજન્સી પણ આ દુકાનને મળી ઉપરાંત શહેનશાહી દીલરૂબા વિ. રેકર્ડોની ડીસ્ટ્રીબ્યુટરશીપ પણ આ દુકાન પાસે છે. જર્મની તેમજ ઇંગ્લેન્ડથી મોટા પ્રમાણમાં મોટરોની ખરીદી કરી "હીરોફોન" વાજાં પણ આ દુકાને બજારમાં મુક્યા છે.

શ્રી. હીરાભાઇનો હસમુખો સ્વભાવ અને તેમના પુત્રો શ્રી. અનંત પ્રસાદ અને શ્રી. જગદીશચંદ્રનું મીલનસારપણું આજે દુકાનને સારી રીતે પ્રગતિને પથે લઈ જાય છે. એ ઉપરાંત બીજા પણ ઘણી સત માણસો આ દુકાનમાં છે. અમદાવાદને આંગણે આજે આ દુકાનનું નામ ખાસ અગત્યનું કહી શકાય !

શ્રી. પ્રતાપચંદ્ર ગણપતલાલ
જી, એ, માધવલાલની કંપનીના
હાલના માલીક

—०—

એક લાખ સ્થળે એકી સમયે જાહેરાત

--ધ્યાન રાખવા યોગ્ય--

ઉત્તમ પ્રકારની જાહેરાત એજ ધંધાની સફળતાની ચાવી છે...... . .. .

★

તમારી જાહેરખબર તદ્દન નવીજ રીતે અને સારામાં સારે સ્થળે ગોઠવવી હોય તો અમને મળો. અમારી ગોઠવેલી જાહેરખબરો લાખો માણસો જોવા લલચાય છે.

★

ટેલીફોન
નંબર
૪૧૮૭૮

- ન્યુઓન સાઇન ઇલેકટ્રીકના ઝળકતા બોર્ડો
- તદ્દન નવિન રીતે ઘંટડી વગાડી જાહેરાત કરતા મશીનો
- ઇલેકટ્રીક લાઇટના પુર્ણ ભપકાથી શોભતા એડવરટાઇઝીંગ બોકસો
- હાલતા ચાલતા પુતળાઓથી આકર્ષણ જમાવતી જાહેરાતો

★

મુંબઇ

ની અનેક ફીલ્મ કંપનીઓ અને સીનેમાઓ ઉપરાંત અનેક જાણીતી વેપારી પેઢીઓની જાહેરાતનું કામ અમે કરીએ છીએ.

તદ્દન નવિન રીતે જાહેરખબર કરી જનતામાં આકર્ષણ જમાવવું એજ અમારી સાચી કલા છે ...

★

ચોપાટી
ભુલેશ્વર
કોટ
દાદર
વિ.

કોઇપણ લત્તામાં જાહેરાત કરવી હોય તો અમને મળો.

ધી આર્ટ એડવરટાઇઝીંગ બ્યુરો

---પીતલે હાઉસ કેનેડી બ્રીજ મુંબઈ ૭.---

જી. એ. માધવલાલ કીશોરદાસ

અમદાવાદની જુનામાં જુની દુકાન તરીકે આ દુકાનનું માન અને મોભો અમદાવાદમાં કાંઈ ઓછો નથીજ. ઇસ્વી ૧૮૯૪ ના અરસામાં શ્રી. માધવલાલ શેઠે આ દુકાન સ્થાપેલી. હિઝ માસ્ટર્સ વ્હોઇસના ગૂજરાતી રેકોર્ડીંગમાં શ્રી. માધવલાલ શેઠનો ફાળો કાંઇ ઓછો નથીજ, દીન પ્રતિદીન આ દુકાન વધૂને વધૂ પ્રગતિમાં આવતી ગઇ. ઇસ્વી, ૧૯૨૫ના અરસામાં શ્રી. માધવલાલ શેઠનું અવસાન થયું અને ત્યાર બાદ શ્રી. ગણપતલાલ શેઠે લગભગ અગીયાર વર્ષ સુધી સુંદર રીતે દુકાનને ચલાવી અને ઇસ્વી. ૧૯૩૬ના અરસામાં શ્રી. ગણપતલાલ શેઠનું પણ દુ:ખદ અવસાન થયું. હાલમાં માલીક તરીકે મર્હુમ ગણપતલાલ શેઠના ચીરંજીવી શ્રી. પ્રતાપચંદ્ર દુકાન સારી રીતે ચલાવતા જણાય છે. ત્યારે દુકાનના મુખ્ય કર્તાહર્તા શ્રી. શંભુભાઇ છે. શ્રી, શંભુભાઈ છેલ્લા ૨૦ વર્ષથી આજ દુકાનમાં છે, શ્રી, શેઠ ગણપતલાલના અવસાન બાદ દુકાનનું તમામ કામકાજ શંભુભાઇજ ચલાવી રહ્યા છે. ત્યારે એકાઉન્ટ મી, ચીમનભાઇ પણ જુના માણસ છે. અને મી. મફતલાલ પણ સેલ્સમેન તરીકે સારૂં કામ બજાવે જાય છે જુની અને જાણીતી આ દુકાન અમદાવાદમાં આજે પણ સારૂં માન ધરાવતી હોઈ ઘીકાંટા પર અનેક શોખીનોનું લક્ષ્ય ખેંચી રહી છે, ગ્રામોફોન ઉપરાંત બીજા વાજીંત્રો, હારમોનીયમ, ફીડલ વિ.નું વેચાણ પણ આ દુકાને સારૂં છે. આ દુકાનની પ્રગતિમાં પણ અમદાવાદનું ગૌરવ છે.

શ્રી. ડાહ્યાભાઇ પટેલ.
લાયન સાયકલ એન્ડ ફોનોસ્ટોર્સ
—અમદાવાદ—

પી. કસ્ટીઆ એન્ડ કો.

લીઓફોન નામ હિંદ ભરમાં જાણીતું છે, તે બનાવનાર અમદાવાદની જાણીતી વેપારી દુકાન 'પી કસ્ટીઆ' છે, લીએફોન વાજા. લીઓલા પીન વિ. ના નામ સાથે આ દુકાનનું નામ ઘણા વર્ષોથી સંકળાયલું છે. આર. ઓ. સી (R. O. C.) મશીનરીને પહેલી વહેલી લાવનાર આ દૂકાન કહી સકાય, અત્યારે 'થોરન્સ'ની મશીનરીનો વધુ ઉપયોગ થતો જણાય છે. 'થોરન્સ'ની મશીનરી ઉમદા આવતી હોઇ લીઓફોનની સફળતામાં તેણે પણ સારો ભાગ ભજવ્યો છે, આ દુકાનના માલેકો (૧) પરસોતમદાસ બળદેવદાસ કસ્ટીઆ (૨) કેશવલાલ બળદેવદાસ કસ્ટીઆ (૩) સોમાભાઈ બળદેવદાસ કસ્ટીઆ, ત્રણે ભાઈઓ છે. અનેક સાહસો વચ્ચેથી આ વેપારી બંધુઓએ દુકાનને પ્રગતિને પંથે લઇ જઇ અમદાવાદી ઉદ્યોગનું નામ ઉન્નત બનાવ્યું છે. જુની, જાણીતી અને અનુભવી અમદાવાદી સાહસના પ્રતિકસમી આ દુકાન અમદાવાદના ગ્રામોજગતના ગૌરવ રૂપ રીચીરોડ ઉપર પોતનું નામ આગળ વધારી રહી છે.


શ્રી. પાઠક.
ગુજરાત ગ્રામોફોન હાઉસ અમદાવાદ.

શ્રી. કોટવાલ.
કોટવાલ એન્ડ કો અમદાવાદ

લાયન સાયકલ એન્ડ ફોનો સ્ટોર્સ–

"એટલાસ' ગ્રામોફોન્સ અને એટલાસ નીડલ્સનો પ્રચાર પણ આજે ઓછો નથી ગુજરાત કાઠીયાવાડ અને કરાંચી બાજુઆ નામઘણું જાણીતું છે. ૧૯૨૧ની સાલમાં વી. એસ. બ્રધર્સ એન્ડ કું. લી.ના, સંચાલકોએ આ દુકાન ખુલ્લી મુકી ત્યારે તેમાં સાઇકલો, ટ્રાઇસીકલો અને તેને લગતો માલ વધુ વેચાતો, ત્યારબાદ સંચાલકોનો વિચાર ગ્રામોફોન લાઇનમાં ઝંપલાવવાનો થતાં તેમણે શ્રી. મેગીલાલને રોકી મોટા પાયા ઉપર ગ્રામોફોનનો ધંધો શરૂ કર્યો. 'શેલેરો' મોટર્સની એજન્સી હસ્તગસ્ત કરી ત્યારબાદ 'બ્રોડકાસ્ટ,' 'હિંદુસ્તાન' વિ. રેકર્ડોની એજન્સી તેમજ ડીસ્ટ્રીબ્યુટરશીપ પણ મેળવી. આમ દિનપ્રતિદીન પ્રગતિ સાધતા ૧૯૩૫–૧૯૩૬ માં બીજો પરચુરણ બીઝનેસ બંધ

નવા વર્ષની
નવી યાદ

સાગર મુવીટોન

આજના નવા વર્ષની નવી
યાદ સાથે જોવા તઇયાર રહો
સામાજીક નવા ક્ષેત્રમાં
નવીજ દીશા બતાવતું
ચિત્ર

સરવીસ
લીમીટેડ
Service
Limited

ડીરેકશન:—
શ્રી. ચીમનલાલ લુહાર

પ્રધાન પાત્રો
સુરેન્દ્ર, માયા, બીબો,
યાકુબ, સંકઠા વિ. કલાકારો

—સંવત ૧૯૯૫—
અઠવાડીયાઓથી ચાલુ છે
દિલની દિવાળી
પ્રગટાવે તેવું મનોહર બોલપટ

ગ્રામોફોન
—સીંગર—

ડીરેકશન:—શ્રી. વિરેન્દ્ર દેશાઈ
શ્રી. રામચંદ્ર ઠાકુર

ભુમિકા:—
સુરેન્દ્ર, બીબો, પ્રભા, ભુદ્દોઅડવાની
સંકઠા, પાંડે, વીગેરે.

તમારા તહેવારો આનંદે ઉજવવા
સહકુટુંબ જુઓ.

ઈમ્પીરીયલ સીનેમા

આવે છે
તમારી સ્મૃતિમાં વર્ષો સુધી યાદ
રહે તેવું સંગીત અને સૌંદર્યનું
સુમેળ સાથેનું નુતન વિનોદ ચિત્ર

લેડીઝ ઓન્લી
LADIS ONLY

જેમાં કરોડોની માનીતી
૦ સબીતાદેવી
સાથે–
સુરેન્દ્ર, બીબો, પ્રભા, ભુદ્દો
અડવાની, અને અન્ય કલાકારો
ડીરેકશન:—શ્રી સર્વોત્તમ બદામી

—૦૦૦—

જનતાની પ્રશંસા એજ
સાગરની
સૌથી મોટી મીલ્કત છે.

ચાલુ ચિત્ર બાદ તુરતજ
....રજુ થશે..

અભિલાષા
યાને
પોસ્ટમેન

ડીરેકશન:—શ્રી. મહેન્દ્ર ઠાકોર
શ્રી. ઝીયા સરહદી

મોટર માલીક થવાની અભિલાષા
સેવતા એક આશાવાદી ગરીબ
યુવાનની ચિત્ર કથા.

—કલાકારો–
કુમાર, માયા, બીબો, યાકુબ
સંકઠા ઇત્યાદી સાગર
—કલાકારો—

રજુઆતની તારીખ માટે
જાહેરખબર માટે જોતા રહો.

° ° °

સહુને
નુતન વર્ષાભિનંદન

° ° °

ઇચ્છે છે

તઇયાર થાય છે
નવીજ વાર્તા, નવીજ ટેકનીક
સાથે તદન નવા નટસમુહસાથનું
એક નુતન પુષ્પ ચિત્ર
???

ડીરેકશન:—શ્રી. મહેબુબ

ગ્રામોફોન-રેડિઓ ખાસ અંક

કરી ગ્રામોફોનના ધંધામાંજ આ દુકાને વધુ ધ્યાન આપવા માંડયું. ૧૯૩૭ માં ગ્રામોફોન બનાવવાનું કારખાનું મોટા પાયા ઉપર ખોલ્યું. લગભગ તેજ અરસામાં તેમણે રેકોર્ડીંગમાં પણ ઝંપલાવ્યું. શ્રી. ભોગીલાલ તથા માસ્તર શંકરચંદે આ રેકોર્ડીંગમાં સારી જહેમત ઉઠાવી. તેજ અરસામાં વેસ્ટર્ન ઈન્ડીયા ગ્રામોફોન્સ લી. માં શ્રી. પાઠક સાથે કામ કરતા શ્રી. ડાહ્યાભાઈ પટેલ, લાયન સાયકલ એન્ડ ફોનો સ્ટોર્સ'માં જોડાયા. તેમણે પણ આ દુકાનની પ્રગતિમાં ઘણો સારો સાથ આપ્યો કહી શકાય હાલમાં શ્રી. ભોગીભાઇ આ દુકાનમાંથી છુટા થયા જણાય છે. અને દુકાનનો તમામ વહીવટ શ્રી ડાહ્યાભાઈ પટેલ તથા શ્રી બાબુભાઇ ચલાવતા જણાય છે. એકંદરે અમદાવાદને આંગણે આ દુકાનની નામના સારી છે અને દીન પ્રતિદીન વધતી રહે એમ અમે ઇચ્છીએ છીએ,

કે બી વકીલ એન્ડ કાું.

જૂના અને જાણીતા શ્રી. ભોગીભાઈ વકીલની માલકીની આ દુકાન એમના પુત્ર શ્રી, કનૈયાલાલના નામથી અમદાવાદમાં સારી ખ્યાતી મેળવી રહી છે. શ્રી ભોગીભાઈ વકીલ અમદાવાદની પ્રોપ્રાયટરી હાઈસ્કુલના ઘણા જુના શીક્ષક છે. સમજીને ધંધો કરવામાં આ દુકાન ઘણી જાણીતી છે, શ્રી વકીલ અનુભવી છે, શ્રી કનઇયાલાલ ઉત્સાહી છે. કોઇ પણ રેકાર્ડ કંપનીની એજન્સી કે ડીલરશીપ રાખવાની ઇચ્છા શ્રી. વકીલ ધરાવતા નથી. એમ જણાય છે છતાં પણ દુકાન સારી રીતે પ્રગતિ કરી રહી છે.

એમ. જે વકીલ–

અમદાવાદને આંગણે આ દુકાનનું નામ પણ સારૂં જાણીતું કહી શકાય. વર્ષો જુની આ દુકાન છે, આ દુકાન સને ૧૯૦૯ ની સાલમાં 'સત્યનારાયણ ટ્રેડીંગ કંપની''ને નામે ચાલતી હતી તેમાં પણ ગ્રામોફોન અને હારમોનીયમનો વેપાર ચાલુજ હતો. ત્યાર બાદ સંજોગો વશાત તે નામ બદલીને કે. વકીલની કંપનીનું બોર્ડ મુકાયું, ત્યારબાદ તેના ખાસ કાર્યકર્તા અને માલીક શ્રી. આઈ. કે. વકીલે પોતાનાં નામનું પાટીયું લગાડયું, એ અરસામાં મુંબઈની રૂબી રેકર્ડ કંપની' ઓડીઅન સાથે ઝગડો થતાં એમ જે વકીલનું નામ જાહેરમાં આવ્યું. શ્રી. ઈશ્વરલાલ ગ્રામોફોન બજારના એક જુના જોગી છે. હાલમાં તેઓ શ્રી. 'યંગ ઇંડીઆ ના ડીલર છે. એકંદરે આ દૂકાને અનેક પ્રકારના તડકા છાંયા જોયા હોઈ અનુભવથી ઘડાયેલી એક જુની દુકાન કહી શકાય.

શ્રી ત્રીકમલાલ સોમચંદ ઠક્કર
—અમદાવાદ—

ધી ન્યુ ભારત ફોન કંપની:– ઘી કાંટા પર આવેલી આ દૂકાન પણ તે બાજુ જતાં આવતાં દરેક માણસનું સારૂં ધ્યાન ખેંચે છે. આ દુકાનના માલેક શ્રી લાલભાઇ અમદાવાદના ગ્રામોફોનના વેપારી એસોસીએશનના સેક્રેટરી છે. ગંભીર દેખાવ ધંધાની કુનેહ, સ્વભાવે શાન્ત એવા શ્રી. લાલભાઇ ગ્રાહક ઉપર સારી છાપ પાડી શકે છે. મેકસીટોન 'એરોફોન' વિ. રેકર્ડ કંપનીઓની ડીસ્ટ્રીબ્યુટરશીપ પણ આ દુકાન ધરાવે છે. ઉપરાંત 'યંગ ઇન્ડીઆ' ''સેનોલા'' ''નિઝામ'' વિ. રેકર્ડોના ઓથોરાઈઝડ ડીલર પણ છે. આ સિવાય લગભગ દરેક જાતની રેકર્ડો આ દુકાને વેચાય છે. ઘી કાંટાના લત્તામાં રેકર્ડના છુટક વેચાણ માટે આ દુકાનનું સ્થાન સારૂં કહી શકાય! અમદાવાદની આસપાસના ગામોમાંથી પણ નાના મોટા વેપારીઓ આ દુકાનની મૂલાકાત લેવી નથીજ ચૂકતા. આ દુકાન હજી વધુ પ્રગતિ સાધે અને નવા વરસમાં અનેક નવિનતાઓ દાખવે એ અમારી શુભેચ્છા!

ગુજરાત ગ્રામોફોન હાઉસ —

તાજેતરમાંજ શરૂ થયેલી આ દુકાને ટુંક સમયમાંજ ઘણી સારી પ્રગતિ બતાવી છે શ્રી. પાઠકે (વેસ્ટર્ન ઇન્ડીઆ ગ્રામોફોન્સવાળા) શ્રી. ભોગીભાઈ (લાયન સાયકલવાળા) નો સહકાર આ દુકાનની શરૂઆતમાં સાધેલો. હાલમાં શ્રી. ભોગીલાલ આ દુકાનથી છુટા થયા જણાય છે. એટલાસ ગ્રામોફોન્સ ઉપર ખાસ લક્ષ્ય આપવામાં આવતું જણાય છે. તે ઉપરાંત જુદી જુદી જાતની રેકર્ડો પણ સારી રીતે વેચાતી જણાય છે, ભાવના એકધારા

બંધારણને કારણે આ દુકાને ટુંક સમયમાંજ સારી ખ્યાતિ મેળવી છે, શ્રી, પાઠક ઉત્સાહી હોઇ દુકાનને પગભર બનાવવા સારા પ્રયાસો કરી રહ્યા છે.

એસ. એસ. પટેલ એન્ડ કો.:–બાલાહનુમાન સામે આવેલી આ દુકાન સ્પેરપાર્ટસના વેચાણો ઉપર ખાસ અગત્યનું ધ્યાન આપી રહી છે. આ દુકાન તરફથી બહાર પડતા ટોન આર્મ સારાયે હિંદમાં સારી નામના મેળવી શક્યાં છે. અનેક સ્થળે આ દુકાનનું નામ સ્પેર પાર્ટસના વેચાણને લીધે સારી રીતે જાણીતું જણાય છે. માલીક શ્રી. સાંકળચંદ પટેલ ઉત્સાહી વેપારી હોઇ ધંધા ઉપર સારૂં ધ્યાન આપતા જણાય છે. એકંદરે એક નોંધદાયક દુકાન કહી શકાય.

કોટવાલ એન્ડ કું :–અમદાવાદમાં નવિન વેપારી હોવા છતાં પણ શ્રી. કોટવાલે ટુંક સમયમાંજ આ દુકાનને સારામાં સારી નામના અપાવી છે. રીચીરોડ જેવા રસ્તા ઉપર આ દુકાન આવી છે. છુટક રેકર્ડોનું વેચાણ સારૂં જણાય છે. માલીકનું ધ્યાન ધંધા ઉપર સારૂં જણાય છે અને ભવિષ્યમાં સારૂં બીઝનેસ ખેડી શકશે એમાં શક નથીજ.

શ્રી. લાલભાઇ.
ન્યુ ભારત ફોન કંપની, અમદાવાદ.

શ્રી. કનૈયાલાલ
કે. બી. વકીલ એન્ડ કંપની
—અમદાવાદ.—

ઓધવજી લખમશી-આ નામનું પાટીયું બાલા હનુમાન પાસે જણાય છે. પરંતુ ગ્રામોફોનનો બીઝનેસ ચાલુ હોય એવું ખાસ જણાયું નથી.

ત્રીકમલાલ સોમચંદ ઠક્કર–નાની નાની રેકર્ડ કંપનીઓ માટે આશીર્વાદ સમાન આ દુકાન કહી શકાય. યંગ ઇન્ડીયાના પણ ઓથો ડીલર છે, ઉપરાંત ઓમ્બે રેકર્ડસ, ઇ-લામ રેકર્ડસ, કીંગ રેકર્ડસ, લોટસ રેકર્ડસ, જયભારત રેકર્ડસ વિ. ની પણ ડીસ્ટ્રીબ્યુટર્સશીપ છે. શ્રી. ઠક્કર ધંધામાં ઘણી ચીવટ રાખનારા બાહોશ વેપારી જણાય છે, છેલ્લા દોઢ વર્ષ દરમીઆન આ દુકાને ઘણીજ સારી પ્રગતિ સાધી છે એમ અવશ્ય કહી શકાય. શ્રી. ત્રિકમલાલ સ્વદેશી ઉદ્યોગ પ્રત્યે ઘણી સહાનુભુતી ધરાવતા હોઇ 'યંગ ઇન્ડીઆ, પ્રત્યે ખાસ લાગણી ધરાવે છે. સ્વભાવે મલતાવડા અને હસમુખા છે અને ઘરાકોને રાજી કેમ રાખવા તેની પણ સારી કુનેહ ધરાવે છે.

વી. ઠાકર એન્ડ કો. !૧૯૨૯ ની સાલમાં શરૂ થયેલી આ દુકાન પણ અમદાવાદમાં સારી પ્રગતિ સાધતી જાય છે. ગ્રામોફોન સ્પેર પાર્ટસની ખાસ સ્પેશીઆલીટી છે. લેટેસ્ટ ડીઝાઇનના ગ્રામોફોન મોડલો પણ બનાવે છે. આ ઉપરાંત બીજા પરચૂરણ બીઝનેસો ઉપર પણ આ દુકાન ધ્યાન આપતી જણાય છે. માલેક હસમુખા અને આનંદી છે. એકંદરે આ દુકાનની પ્રગતિ સારી કહી શકાય.

મસડા એન્ડ કો. !- પાંચ કુવા બહાર આવેલી આ દુકાન પણ ઠીક ઠીક નામના ધરાવે છે. બીઝનેસ એકદરે ઠીક કહી શકાય !

એમ એસ. મહેતા એન્ડ કું.— આ નામ ઘણું જ જુનું અને જાણીતું છે. ડીસ્ટ્રીબ્યુટરશીપના સ્થાપક તરીકેનું માન શ્રી. મહેતા ખાટી જાય છે, અત્યારે 'કોલમ્બીઆ' અને રીગલ રેકર્ડના તેઓશ્રી ડીસ્ટ્રીબ્યુટર્સ છે આશરે ૧૯૨૭-૨૮ માં કોલંબીયા રેકોર્ડના મુખ્ય એજન્ટ મુંબઇના એસ. રોઝ

શ્રી. એસ. એસ પટેલ.
શ્રી. એસ એસ. પટેલ એન્ડ કો,
—અમદાવાદ—

શ્રી. રમણલાલ.
નેશનલ ગ્રામોફોન કંપની. વડોદરા

એન્ડ કું. એ પોતાની કોલમ્બીયાની ગુજરાત કાઠીયાવાડની એજન્સી ગ્રામાકામ ઇકવીપમેન્ટ એજન્સીને આપેલ. આ સંસ્થાના સંચાલકો બે યુરોપીયન હતા અને તે ઓફીસનું અમદાવાદ ખાતે શ્રી એમ. એન મહેતા મેનેજર તરીકે સંચાલન કરતાં સત્યાગ્રહ ચળવળમાં તે બન્ને સાહેબો વિલાયત જતાં કંપનીએ એમ. એમ. મહેતાના નામ પર એજન્સી ટ્રાન્સફર કરી. ત્યારબાદ ૧૯૩૨ ની સાલમાં ગુજરાતી રેકર્ડ બહાર પડતાં શ્રી. એમ. એમ. મહેતા ગ્રામોફોન લાઇનમાં ગુજરાત કાઠીયાવાડના પહેલાજ ડીસ્ટ્રીબ્યુટર તરીકે જાહેરમાં આવ્યા. શ્રી. મહેતા સ્વભાવે રમુજી અને આનંદી જણાય છે. સામા માણસને પારખવાની તેમની કુશળતા ખરેખર પ્રસંશા માગી લે છે, આજે કોલમ્બીઆ અને 'રીગલ' ના વેચાણ ઉપર શ્રી. મહેતા સારામાં સારૂં ધ્યાન આપી આ બે નામને ગુજરાત કાઠીયાવાડમાં વધુ પ્રકાશમાન કરવા પ્રયાસો કરી રહ્યા છે.

ગ્રાન્ડ નેશનલ મ્યુઝીકલ હાઉસ શ્રી એમ. એમ. મહેતાની ઓફીસમાંથીંજ અનુભવી રીઢ થઇ બહાર પડેલા શ્રી. ચંદ્રકાન્ત શાહે ઘણા ટુંક સમયમાંજ ગ્રામોફોન બજારમાં સારામાં સારી કીર્તિ સંપાદન કરી છે. આજે તેઓ ગૂજરાત કાઠીયાવાડના 'યંગ ઇન્ડીઆ' રેકર્ડના ડીસ્ટ્રીબ્યુટર્સ છે. ગુજરાતમાં 'યંગ ઇન્ડીઆ' રેકર્ડોને સફળતા અપાવવાનું તમામ માન તેઓશ્રીને ફાળે જાય છે. અને ગૂજરાતના તેમના સુંદર કામ અને સારો ઉત્સાહ જોઇ કંપનીએ તેમને કાઠીયાવાડનું પણ કામકાજ સોંપેલ છે. શ્રી. શાહ પોતે એક સારા ગૂજરાતી લેખક પણ છે. અને તેથી તેમનો ગૂજરાતી લેખકો પ્રત્યેનો પક્ષપાત પણ સારો છે. ગૂજરાતને શું ગમશે તેની સૂચનાઓ પણ તેઓ 'યંગ ઇન્ડીઆ' રેકર્ડો માટે આપી શકે એમ છે. યંગ ઇન્ડીઆની ગૂજરાતની પ્રગતિ આજ સંસ્થાને આભારી છે અને હવે શ્રી. ચંદ્રકાન્ત કાઠીયાવાડમાં પણ 'યંગ ઇન્ડીઆ' નો વાવટો ફરકાવશે એવી આશા રાખીએ છીએ.

* * *

શ્રી મહેતા
વડોદરામાં જેમનું નામ માસ્તર તરીકે પ્રખ્યાત છે.
ભાગીદાર–એ. સી. મીસ્ત્રીની કું. વડોદરા.

શ્રી શાન્તિલાલ
ત્રીકમલાલ સોમચંદની કંપની
–અમદાવાદ–

હવે આ ઉપરાંત પણ બીજી કેટલીક દુકાનો અમદાવાદમાં હયાતી ભોગવે છે. કાળુપુર લતામાં અને બીજા કેટલેક સ્થળે નાની નાની દુકાનો આવેલી છે. પરંતુ મુખ્ય દુકાનો ઉપર જણાવી ગયા એટલીજ કહી શકાય !

નડીઆદ.

ગ્રામોબજાર માટે નડીઆદ નાનકડું શહેર કહેવાય. આ શહેરમાં બેજ વેપારીના નામ વધુ જાણીતા જણાય છે.

ચાંદભાઈ મહમદભાઇ ઘડીયાળી.

ઘડીયાળ સાથે ગ્રામોફોનનો ધંધો પણ ધીકતો ચલાવતી આ દુકાન નડીઆદમાં ઘણી સારી ખ્યાતી ધરાવે છે. નડીઆદની આ જુની દુકાન કહી શકાય. આ દુકાન હિઝ માસ્ટર્સ વ્હોઇસ, યંગ ઇન્ડીઆ વિ. ની ડીલરશીપ ધરાવે છે.

મહમદભાઇ ઘડીઆળી :–બચુભાઇ ઘડીવાળાને નામે ઓળખાતા આ દુકાનના માલીક પણ ગ્રામોફોનના ધંધામાં સારો રસ લઇ રહ્યાં છે. જાણીતી રેકર્ડ કંપનીઓની ડીલરશીપ મેળવવા પ્રયાસ

પણ કરતા જણાય છે, એકંદરે આ દુકાન માટે પણ નડીઆદમાં સારૂં માન છે.

મેસર્સ એમ રામસીંગ એન્ડ કો:- આ દુકાન પણ ગ્રામોફોન લાઇનને લગતો બીઝનેસ કરે છે એકદરે ધંધો ઠીક છે.

— **પ્રાણશંકર મુલશંકર ભટ્ટ:**-આ નામ પણ નડીઆદના ગ્રામોફોન બજારમાં ઠીક ઠીક જાણીતું જણાય છે. ગ્રામોફોન્સ રેકર્ડસ તથા સ્પેર પાર્ટસનો ધંધો કરતાં જણાય છે,

આ સીવાય કેટલીક નાની દુકાનો નડીઆદમાં હશે એમ જણાય છે, પણ તેની કોઈ નોંધ મળી શકી નથી, તો ભવિષ્યમાં તે આપવા જરૂર પ્રયાસ કરીશું બાકી એકાદ વાજુ ગોઠવી ગ્રામોફોનના વેપારી કહેવડાવનાર ઘણા જણાય છે પણ તપાસ કરતાં તેમને ત્યાં સ્ટોકમાં ભાગ્યેજ પાંચ રેકર્ડસ પણ જણાય છે,

વડોદરા.

વડોદરા શોખીન શહેર કહી શકાય. આ શહેરની વસ્તીના પ્રમાણમાં ગ્રામોફોનની દુકાનો પર ધંધો પણ સારો જણાય છે. વસ્તી શોખીન છે. ધંધાને માટે ક્ષેત્ર પણ સારૂં છે

છતાં આ શહેરમાં ઉધારીયો ધંધો વધુ પ્રમાણમાં જણાય છે, રજવાડી શહેર રહ્યું લાગવગવાળા વેપારીને ફાવી જવાનો સારો સંભવ છે કુનેહબાજ વેપારીઓ સારી રીતે બીઝનેસ કરી શકે એવું આ શહેર છે ગુજરાતના ગ્રામોફોન બજાર માટે અમદાવાદ પછી આ શહેરનો નંબર ગણાવી શકાય.

આ શહેરમાં લગભગ આઠથી દસ નાના મોટા વેપારીઓ છે, તે દરેક પોતાની સ્થાતિનુસાર અને લાગવગ મુજબ વેપાર કરતા જણાય છે, નવી દુકાનો પણ એકંદરે સારી સ્થીતિ પ્રાપ્ત કરી શકી છે.

હવે આ શહેરના જાણીતા વેપારીઓ ઉપર દ્રષ્ટિપાત કરીએ-

બા. બ્રો. પ્રકાશ — વડોદરાની આ જુનામાં જુની દુકાન છે. હિઝ માસ્ટર્સ વોઇસના ઓથો ડીલર છે. લગભગ ત્રીસ વર્ષની જુની દુકાન કહી શકાય. માલેક શ્રી. બાલ કૃષ્ણ ભાઉમાર્ફ પોતે સ્વભાવે મલતાવડાં છે. પ્રથમ મુલાકાતે કોઈ વાર તેઓ વિચિત્ર જણાય છતાં સ્પષ્ટ વ્યકિતત્વ અને મ્હોડે કહી નાખવાનો સ્વભાવ સારી છાપ પાડી શકે

સંગીતના
મધુર સ્વરોની લઝઝત ચાખવા
અમારી દુકાનની
મુલાકાત લ્યો.
ગ્રામોફોન રેકોર્ડ, નિડલ્સ, તેમજ ગ્રામોફોનને લગતા દરેક છુટાપાર્ટ ઉપરાંત હિંદુસ્તાનની જાણીતી કંપનીઓની રેકર્ડો ઉપર તમારા માનીતા આર્ટીસ્ટોને સાંભળવા માટે અમારી દુકાને પધારો.
લખો અથવા મળો—
કાદરી ફોનો માર્ટ
ભીંડીબજાર, ઇબ્રાહીમ રહેમતુલ્લા રોડ, મુંબઇ ૩.

છે. અનુભવથી રીઢા બની ગયેલા આ વેપારી સમજીને વેપાર કરે છે એમાં ના નહિંજ કહી શકાય. વડોદરાના જાણીતા રસ્તા રાવપુરારોડ પર આ દુકાન આવેલી છે, દુકાનમાં પેસતાં જ હિઝ માસ્ટર્સ વ્હોઇસ ગ્રામોફોન, રેકર્ડ વિ, ની ચારે તરફની ગોઠવણ આકર્ષણ ઉભું કરે છે, તેમની: દુકાને આવેલો ઘરાક ભાગ્યે જ ખરીદી કર્યા વગર પાછો ફરે છે, વડોદરામાં આ દુકાનનું સ્થાન અગત્યનું કહી શકાય,

એ, સી, મીસ્ત્રીની કું. લગભગ દસથી બાર વર્ષથી શરૂ થયેલી આ દુકાને પણ વડોદરામાં ખુબ ખુબ ખ્યાતી જમાવી છે. રજવાડામાં અને સારા સારા અમલદારોમાં શ્રી, મહેતાની લાગવગ અને મળતાવડાપણાએ આ દુકાનને ઘણોજ સારો લાભ આપ્યો છે. શ્રી મહેતા અને શ્રી. મીસ્ત્રી બન્ને જુના મીત્રો છે. તેમની વર્ષો જુની મિત્રતા એક ધારી ટકી રહી છે તે જોઈ ઘણાને તાજુબી ઉત્પન્ન થાય છે છતાં સગાભાઈની માફક તેમની દોસ્તી ધંધામાં પણ નભી રહી છે. વડોદરાની આસપાસના ગામોમાં પણ આ દુકાન સારી રીતે નામના ધરાવતી હોઇ નાના અનેક વેપારીઓ આ દુકાનેથી માલ ખરીદી જાય છે. 'હિઝ માસ્ટર્સ વ્હોઇસ' ના ઓથો રાઈઝડ ડીલર્સ પણ છે. આ ઉપરાંત બીજી અનેક કંપનીઓની રેકર્ડો તેમને ત્યાં આવે છે. રેડીઓનું વેચાણ પણ થાય છે. વળી રીપેરીંગ માટે પણ આ દુકાન ખાસ 'સ્પેશીયાલીસ્ટ' કહેવાય છે, કારણ કે શ્રી. મીસ્ત્રી તે બાબતના ખાસ અનુભવી અને નિષ્ણાત છે. પેલેસ રોડ પર આવેલી આ દુકાન આજે વડોદરાના ગ્રામોફોન બજારમાં સારૂ ધ્યાન ખેંચી રહી છે.

લંડન ગ્રામોફોન ડીપો–આ નામ પણ ઉપરના બે નામ જેટલુંજ જાણીતું કહી શકાય. 'ઓડીઅન' 'કોલમ્બીઆ', યંગ ઇન્ડીઆ વિ. ની ડીલરશીપ ધરાવતી આ દુકાનના માલેક શ્રી, હસમુખલાલ એક કાબેલ વેપારી બિરાદર છે, ધંધાને કેમ આગળ ધપાવવો તેનો બહોળો અનુભવ હોઈ તેઓશ્રી પોતાની દુકાનને સારી રીતે જાહેરમાં લાવી શકયા છે. રાવપુરા રોડ પર આવેલી આ દુકાન દરેકનું ધ્યાન ખેંચી શકે છે, દુકાનનો દેખાવ પણ સારો જણાય છે, વડોદરાની સારી દુકાનોમાં આ દુકાનનું નામ પણ આગળ પડતું છે,

નેશનલ ગ્રામોફોન કંપની :–યંગ ઇન્ડીઆની ડીલરશીપ ધરાવતી આ દુકાનના

સંગીતની રમઝટ જમાવતી રેકર્ડો ખરીદવા
— ધોરાજીની આ દુકાનનું નામ યાદ રાખો —

[તમારા માનીતા ગાયકોની
રેકર્ડ સાંભળવા
જરૂર પધારો]

ધોરાજી
ના સંગીત શોખીનોની
માનીતી દુકાન–

દરેક જાણીતી કંપનીઓની
રેકર્ડો ખરીદવા આ દુકાનની
— મુલાકાત લ્યો —

ગ્રામોફોનની
ખરીદી
કરતાં પહેલાં
આ
વિશ્વાસપાત્ર
મથક
ની એકજ મુલાકાત
તમને સંતોષ આપશે

આ નામ
ખાસ યાદ
રાખજો
|
ઇસ્લામ
રેકર્ડસ

પેટલ મ્યુઝીકલ હોલ
— સ્ટેશન રોડ — ધોરાજી —

PATEL
Musical Hall
Station Road
Dhoraji
(Kathiawar)

સ્વરૂપરાણી

મીસ રોઝ

સરસ્વતીના નુતનચિ

"સચહય" માં

સાગર મુવીટોનના આગામી ચિત્રોમાં ચમકનારા નવાજ કલાકારો

જેઓ મી. મહેબુબના ડીરેકશન નીચે તૈયાર થતાં
નવા બોલપટમાં રૂપેરી પડદા પર પહેલીજવાર ચમકશે.

મીસ અનુરાધા

મી. અરૂણ

મીસ રજની

મી શતીશ.

મા. મોહન (બાળનટ)

મી. અનબાસી

મી. મુખતાર

મી મોહન (કોમેડીયન)



મી. જગદીશ કપુર.

સાગરના નવા સીતારાઓ

મીસ અનુરાધા

મી. અરુણ

મીસ રજની

મી. શતીશ

મા. મોહન (બાળનટ)

મી. બનબાસી

મી. મુખ્તાર

મી મોહન (કોમેડીયન)

મી. જગદીશ કપલ.

માલેક શ્રી. રમણલાલ ગ્રામોફોનના ધંધામાં સારો રસ લેતા જણાય છે. જાતે ઉત્સાહી હોઇ રેકર્ડોના વેચાણ ઉપર સારી રીતે ધ્યાન આપી રહ્યા છે, રેકર્ડો ઉપરાંત ગ્રામોફોન્સ વિ, પણ આ દુકાને વેચાય છે, હજી નવી દુકાનજ કહી શકાય છતાં એ અઢી વર્ષના ટુંકા ગાળામાં પણ આ દુકાને સારી પ્રગતિ સાધી છેજ.

—**ચુનીલાલ એલ બ્રધર્સ**!-એ. સી. મીસ્ત્રીની દુકાનની સામેની લાઇનમાંજ પેલેસ રોડ પર આ દુકાન આવેલી છે. આ દુકાનની સ્પેશીઆલીટી ખાસ ગ્રામોફોન મશીનોની બનાવટ છે. એકંદરે ટુંક સમયમાં પણ આ દુકાને સારી પ્રગતિ કરી છે.

—**ચીમનલાલ. એસ. મીસ્ત્રી**:-આ દુકાન પણ પેલેસરોડના બીજા છેડા ઉપર આવેલી છે. એકંદરે ધંધો ઠીક જણાય છે.

—આ ઉપરાંત વડોદરામાં બીજી પણ ચાર પાંચ દુકાનો હોવાના સમાચાર મળે છે, આ દુકાનો પણ તેમના પ્રમાણમાં સારો ધંધો મેળવી શકે છે.

ભરૂચ.

'ભાંગ્યુ ભાંગ્યુ તોયે ભરૂચ' એ કહેવત ભરૂચના ગ્રામોફોન બજાર માટે ખોટી ઠરે છે એમ કહીયે તોયે ખોટું નથીજ. ભરૂચનું નમ મ્હોટું પણ કેવળ-ગ્રામોફોનનોજ ધંધો કરનાર એક પણ સ્વતંત્ર વેપારી ભરૂચમાં જણાતો નથી. સાઇકલ, સ્પેર પાર્ટસ, ટયુબ, ટાયર, સાઇકલ બેટરી, બેલ વિ.ના સામાન સાથે-જ મોટે ભાગે ગ્રામોફોનનો ધંધો કરનાર વેપારીઓ ભરૂચમાં છે, ભરૂચ શહેરના પ્રમાણમાં ધંધો પણ બરોબર નજ કહેવાય. છતાં પણ ભરૂચના કેટલાક નામો જાણીતા છે.

એ. એ. સાઇકલવાલા:-અકબરઅલી શેઠનું નામ ભરૂચમાં જુનાં વેપારી તરીકે ઘણું જાણીતું છે, આ નામ ઘણું જુનું છે. એમ, એ બધર્સને નામે પહેલાં તેમની દુકાન ચાલતી હતી પણ તેમાં ઘરકંકાસની વિટંબના વધતા તેમણે તેમના બીજા પુત્ર શ્રી, અબદુલકાદરના નામે દુકાનનું નામ રાખ્યું છે, દુકાનની ટાપટીપ વિગેરે સારી રીતે કરવામાં આવી છે, હાલમાં તેઓ 'યંગ ઇન્ડીયા' રેકર્ડોની ડીલરશીપ ધરાવે છે, જુની દુકાન અને અકબરઅલી શેઠનો મલતાવડો સ્વભાવ 'યંગ ઇન્ડીયા'ને સારો લાભ અપાવી રહયો છે, ભાઇ અબદુલકાદર પણ સ્વભાવે ઘણા મળતાવડા હોઇ ઘરાકે સંતોષને આપી શકે છે. આ દુકાનની નામના માટે બેમત છેજ નહિં

સ્વર અને સંગીતની મઝા
ચાખવા
અમારી દુકાનની મુલાકાત લ્યો.

The TWIN

ગ્રામોફોન, રેકોર્ડ, કટલેરી, પરફ્યુમરી, બેટરી
તેમજ
સાઇકલ સામાન વિગેરેના મોટા વેપારી

મેસર્સ. એન. એલ. એન્ડ કંપની.
ઉના (કાઠીયાવાડ.)
અમારી બીજી દુકાન.
દીવબંદર.

ગ્રામોફોન-રેડિઓ ખાસ અંક

યુગ ચિત્ર
CHANDEKAR.

એમ. એ. સાઇકલવાલા:-અકબરઅલી શેઠના બીજા ચીરંજીવીની આ દુકાન 'હિઝ માસ્ટર્સ વ્હોઇસની ડીલરશીપ ધરાવે છે; આ દુકાનની ટાપટીપ વિ, પણ સારી જણાય છે, માલેક પોતે દુકાન ઉપર અંગત દેખરેખ રાખતા જણાય છે, સ્વભાવ કંઇક અતડો છતાં વહેવાર કુશળ જણાય છે અને તે કુશળતા પણ શ્રી, અંકબરઅલી શેઠનેજ આભારી છે. H. M. V.ની ડીલરશીપ હોઇ દુકાનની નામના સારી કહી શકાય,

ઇબ્રાહીમ મહમદ-દરવાજા પર આવેલી આ દુકાન પણ સાયકલ સ્પેરપાર્ટસ સાથે ગ્રામોફોન બીઝનેસ કરતી જણાય છે. ગ્રામોફોન રીપેરીંગ પણ કરવામાં આવે છે,

કે. એ સાઇકલવાલા શ્રી. અકબરઅલી શેઠના સહુથી નાના ચીરંજીવી આ દુકાન ચલાવ છે, અકદરે આ દુકાન પણ સારી જણાય છે.

ટી. એમ. બ્રધર્સ (સાઇકલવાલા) ઉપર મુંજબ આ દુકાન પણ સાઇકલ અને ગ્રામોફોનનો બીઝનેસ સાથેજ કરે છે. ગ્રામોફોન રીપેરીંગ ઉપર ખાસ ધ્યાન આપવામાં આવે છે. માલેકનો સ્વભાવ મલતાવડો અને વ્યાપારી બુદ્ધિમાં અનુભવી જણાય છે.

—**ડી. બી. ખંભાતા:**-કમીશન એજન્ટનો ધંધો કરનાર આ ભાઇ પણ ગ્રામોફોનના ધંધામાં સારો રસ લેતા જણાય છે. અને જાણીતી રેકર્ડ કંપનીઓની ડીલરશીપ માટે પ્રયાસ કરતા જણાય છે.

-સુરત-

—'સુરત સુનાની મુરત' કેવળ કહેવાનીજ કહેવત છે, સૂરતમાં મુખ્ય મોટા ચાર પાંચ વેપારી છે. ધંધો એકંદરે સૂરતના પ્રમાણમાં મધ્યમ પ્રકારનો કહી શકાય. આમાં મુખ્યત્વે વેપારીઓની આ ધંધા પ્રત્યેની બેકાળજી પણ કહી શકાય, બાકી સુરત શોખીન શહેર છે. વેપારીઓ ધારે તો સારો નફો ગ્રામોફોનના ધંધામાંથી આ શહેરમાંથી મેળવી શકાય એમ છેજ.

—**ટી. બી. કાસોટીઆ**—સુરતના ગ્રામોફોન બજારમાં આ નામ ઘણું જાણીતું છે. હિઝ માસ્ટર્સ વ્હોઇસના ડીલર છે. જુના વેપારી છે. એકંદરે બીઝનેસ પણ સારો કહીં શકાય. છતાં કહેવું પડશે કે કાસોટીયા શેઠ ધારે તો હજુ વધુ સારી પ્રગતિ સાધી શકે. સુરતની આ જાણીતી દુકાન હાલ શાન્ત રીતે " ચાલતુ હોય તેમ ચાલે " તે મુજબ નવિન પ્રગતિ વગર બેસી રહે તે યોગ્ય નથીજ. પડી જતાં ધંધાને ટેકો આપવાની

સુંદર અને મજબુત ફરનીચર

પ્રમાણીકતા
એ અમારો
મુદ્રાલેખ છે.

ખરીદતાં પહેલાં
અમારી મુલાકાત
લ્યો.

કોચ, કુરસીઓ, સોફાઓ
ટીપોય વગેરે સુંદર અને ટકાઉ
અમારે ત્યાંથી દરેક વખતે તૈયાર
મળશે.

આદમજી મહમદઅલી
ક્રાફર્ડ માર્કેટ સામે-મુંબઇ.



○ પ્રો. જી. એલ. શનરે.



○ પ્રો. નારાયણરાવ વ્યાસ.



○ મા. હરીલાલ.



નગીના જાન.



○ મા લલ્લુભાઈ.



મા. ધુળીઆ.



શામલા કોલ્હાપૂર



○ મા. વસંત અમૃત

"HIS MASTER'S VOICE"

હીઝ મા. વો. ના આર્ટીસ્ટો

"HIS MASTER'S VOICE"

હીઝ મા. વો. ના આર્ટીસ્ટો -



○ પ્રો. જી. એલ. શાનડે.

○ પ્રો. નારાયણરાવ વ્યાસ.



o મા. હરીલાલ.

નગીના બેન.

૦ મા લલ્લુભાઈ.

મા. ધુળીઆ.



શામલા કોલ્હાપૂર

○ મા. વસંત અમૃત

જુના વેપારીઓની ફરજ છે. ગ્રામોફોન બજારના અનુભવી વેપારીઓમાં શ્રી. કાસોટીયાનું નામ આગળ પડતું છે. એકંદરે સુરતમાં આ દુકાનનું માન સારૂં છે.

નાયક બ્રધર્સ—યંગ ઇન્ડીયા'ની ડીલરશીપ ધરાવતી આ દુકાન પણ સુરતમાં સારૂં સ્થાન ધરાવે છે. આ દુકાનની છેલ્લા બે ત્રણ વર્ષની પ્રગતિ તો ખાસ નોંધદાયક કહી શકાય. યંગ 'ઇન્ડીઆ'ની સુરતમાં સફળતામાં આ દુકાને ઘણો સારો ફાળો નોંધાવ્યો છે. હજી આ દુકાન માટે વધુ સારી આશા રાખી શકાય.

જાગીરદાર દલાલ એન્ડ કો—આ દુકાન પણ ઘણી જુની છે. જાણીતી રેકર્ડ કંપનીઓની એજન્સી પણ આ દુકાન ધરાવે છે, માલેકોનો સ્વભાવ સારો અને બોલવામાં અનુભવ રીઢા જણાય છે. સુરતમાં આ દુકાન પણ સારૂ ધ્યાન ખેંચતી જણાય છે.

ભારત ફોન—અને જાણીતી દુકાનોમાં ભારત ફોનનું નામ પણ કાંઇ ઉતરતું નથીજ. શાન્ત રીતે પણ સારો ધંધો કરતી જણાય છે. 'ભારત' નું નામ સુરતમાં સારી રીતે જાણીતું જણાય છે

—**દામોદર શીવશંકર**; આ દુકાન પણ ગ્રામોફોન બીઝનેસ કરે છે. છુટક રેકર્ડોનું વેચાણ સારૂં કરતા જણાય છે.

—**નાનુભાઈજી દેશાઇ**—આ નામ પણ સુરતના ગ્રામોફોન બજારમાં જાણીતું છે.

આણંદ

આણંદ શહેર કહેવાય 'જંકશન' પણ તેમાં ગ્રામોફોન બજારનું સ્થાન ઘણુંજ ઓછું છે. અમારા ધ્યાનમાં તેમાં ફક્ત એકજ વેપારી નજરે અડેલ છે.

—**જમાલભાઇ ઘડીયાલી**: —યંગ ઇન્ડીઆની ડીલરસીપ ધરાવે છે. સાથે ઘડીયાલનો બીઝનેસ પણ કરે છે. એકંદરે સારી દુકાન છે.

ગોધરા

ગ્રામોફોન બજાર માટે ગોધરા એક સારામાં સારૂં સેન્ટર કહી શકાય. ભલે દુકાનો થોડી છે. છતાં આ શહેરનું બીઝનેસ ઘણું સારૂં કહી શકાય એવું છે. પહેલાં ખુદ મુંબઇમાં પણ ગોધરાથી સારા પ્રમાણમાં માલ આવતો હતો. હજી પણ ગોધરાનું સ્થાન એનું એજ છે.

—**મેમોરીયલ ગ્રામોફોન હાઉસ**:—જુની અને જાણીતી દુકાન છે. ગોધરામાં આ દુકાનનું સ્થાન પણ સારૂં છે. માલીકનો સ્વભાવ દરેક ગ્રાહક અને બહારથી

અમારા માનવંતા ગ્રાહકોને આજના શુભ અવસરે અભિનંદન આપતા નવા વર્ષની ગ્રામોફોનની ખરીદી માટે અમારા તરફથી તૈયાર થતાં

"HIS MASTER'S VOICE"

અબ્દુલ્લાફોન

ની યાદગીરી આપીએ છીએ. નવા વર્ષમાં નવી રેકાર્ડ ખરીદવા આ દુકાનનેજ પ્રથમ પસંદગી આપવા વિનંતી કરીએ છીએ.

"HIS MASTER'S VOICE"

અબ્દુલ્લા ફોનો માર્ટ
ભીંડીબજાર
મુંબઈ, ૩.

આવનાર વેપારી સાથે સારી રીતે મળી જનાર હોઇ ધંધામાં ઘણોજ લાભદાયી થઇ પડે છે.

—સોલંકી વોચ કંપની: આ પણ ગોધરાની જુની અને જાણીતી દુકાન છે. સમજી વિચારીને ધંધો કરવામાં આ દુકાનનું નામ જાણીતું છે. મી. સોલંકી જાતે અંગત ધંધા ઉપર સારૂં ધ્યાન આપતા જણાય છે. આ દુકાને પણ ગોધરાના ગ્રામોફોન બજારને ઠીક ઠીક જોમ અર્પ્યું છે.

—ચીમનલાલ એમ. શાહ: આ બે નામ ઉપરાંત આ ત્રીજું નામ પણ ગોધરાના ગ્રામોફોન બજારમાં જાણીતું છે, રેકર્ડોનું છુટક વેચાણ સારી રીતે થતું જણાય છે. ગ્રામોફોનનું વેચાણ પણ છે.

—કૃષ્ણ પ્રસાદ સોમેશ્વર: મંદીર પાસે આવેલી આ દુકાન પણ છુટક રેકર્ડો સારી રીતે વેચતી જણાય છે. એકંદરે વેચાણ ઠીક જણાય છે.

ડભોઇ

ડભોઈ ગામના પ્રમાણમાં ગ્રામોફોનના વેપારીઓનું પ્રમાણ ઠીક કહી શકાય. જો કે આજથી દોઢ વર્ષ પહેલાં લગભગ ચારથી પાંચ જાણીતા નામ હતા તેમાંથી કેટલીક દુકાનો બંધ થઇ ગઇ જણાય છે. તો કેટલીક દુકાનોએ ગ્રામોફોનનો ધંધો બંધ કર્યો જણાય છે.

—રમણલાલ જે ફડીઆ: આ મકાને ગ્રામોફોન બીઝનેસ બંધ કર્યાના સમાચાર મળે છે.

—અંબાલાલ રણછોડદાસ શેઠ: સારી દુકાન છે ધંધો પણ સારો જણાય છે. ધારે તો હજી વધુ પ્રગતિ સાધી શકે.

—મોહનલાલ સી. શાહ: આ દુકાન પણ ઠીક જણાય છે. ડભોઇ ગામના પ્રમાણમાં ધંધો ખોટો નહિ જ.

—સાયકલ એન્ડ પેટ્રોમેક્ષ સ્ટોર: આ દુકાન પણ ગ્રામોફોનનો બીઝનેસ કરે છે. સાયકલ, પેટ્રોમેક્ષ વિ. ભાડે આપવા ઉપરાંત ગ્રામોફોન, રેકર્ડ તથા સ્પેરપાર્ટસનું બીઝનેસ ઠીક થતુ જણાય છે.

ઉમરેઠ.

આ ગામમાં પણ ગ્રામોફોનનો વેપાર છે.

નેશનલ વોચ કંપની:-યંગ ઇન્ડીઆની ડીલરશીપ ધરાવે છે. ઘડીયાળ સાથે ગ્રામોફોન બીઝનેસ કરે છે. એકંદરે બીઝનેસ સારૂં છે.

ગુજરાત વોચ કંપની:-આ નામ પણ જાણીતું છે.

આ ઉપરાંત બીજા બે વેપારી પણ

○ રેડીઓગ્રામ
ની ખરીદી કરતાં પહેલાં
સેન્ટ્રલ
નામ યાદ રાખો
ગ્રામોફોન બજારમાં
આ નામ હવે નવું નથીજ

સંગીતની સૃષ્ટિમાં
વિહરવા માટે
રેડીયો, રેકર્ડસ, ગ્રામોફોન્સ
ગ્રાન્ટરોડ સ્ટેશનની
સામે જ આવેલી
સુંદર દુકાન—

"HIS MASTER'S VOICE"

ખરીદવા માટે
આ નામ
જરૂરી છે...

સેન્ટ્રલ ફોન ટોકીંગ મશીન કંપની
ગ્રાંટરોડ .... સ્ટેશન સામે – મુંબઇ.

આ ગામમાં છે, તેમાં ગજાનનરાવ ડી. દવેનું નામ જાણીતું છે. આ દુકાનનો બીઝનેસ સારો જણાય છે.

કપડવંજ.

કપડવંજમાં ખાસ ગ્રામોફોન બજારને અગત્યના ત્રણ નામો જણાયા છે.

લક્ષ્મીશંકર કોદરલાલ ત્રીવેદી:– એકંદરે સારો બીઝનેસ છે. મોટે ભાગે અમદાવાદથી માલ લાવી વેચતા જણાય છે. છુટક રેકર્ડોનું વેચાણ સારૂં છે.

પોપટરામ દોલતરામ વૈદ્ય–ગ્રામોફોનને લગતો બીઝનેસ કરે છે. છુટક રેકર્ડો તથા ગ્રામોફોન્સનું વેચાણ ઠીક કરતા હોય એમ જણાય છે.

કનૈયાલાલ ગીરધરલાલ સોની–આ દુકાન પણ ગ્રામોફોનને લગતો ધંધો કરતી જણાય છે.

વલસાડ.

વલસાડ શહેર એકંદરે સારૂં કહી શકાય, વસ્તી પણ સારી છતાં ગ્રામોફોન ધંધો જોઇએ તેટલો નહિજ.

ધી બલસાર રેલ્વે કોઓપરેટીવ

જુનાગઢની જાણીતી અને માનીતી એક માત્ર દુકાન

HIS MASTER'S VOICE

રેકર્ડના રસીયાઓ !
તમારી મનગમતી રેકર્ડ
ખરીદવા આ દુકાનની
મુલાકાત જરૂરી છે જ.

કોઈ પણ જાતના
ટકાઉ ગ્રામોફોન્સ
માટે
— અમને પુછો —

○ ટવીન
○ મેગાફોન
ઉપરાંત
બીજી કોઇપણ જાતની
રેકર્ડ માગો—

★

સુંદર ઘડીયાળો

.. વાજાઓ...
હિઝ માસ્ટર્સ વોઇસ
લીઓફોન
ટવીન
ગીબ્સ
વીગેરે જાતના વેચાય છે.

હારમોનીયમ, ઓરગનો,
તારનાવાજા, ફ્લી મ બો ર્ડ,
વિગેરે

ફેન્સી ચીજો ખરીદતાં પહેલાં
આ દુકાનની મુલાકાત લેવા
જરૂર વિનંતી છે

આ નામ યાદ રાખો
એ. એસ. છોગાલા
— માંડવી ચોક–જુનાગઢ —

Authoarised dealer

HIS MASTER'S VOICE

A. S. CHHOGALA.
JUNAGADH.

સ્ટોર્સ લી.-અનેક જાતના વ્યાપારી સાહસો ખેડતો આ સ્ટોર્સ ગ્રામોફોન લાઇનનો પણ સારામાં સારો બીઝનેસ કરે છે. સારી સારી કંપનીઓની ડીલરશીપ પણ આ દુકાન પાસે છે, વલસાડ અને તેની આસપાસના ગામોમાં આ સંસ્થાએ સારામાં સારૂં નામ જમાવ્યું છે, તેની દીનપ્રતિદીન પ્રગતિ થતી જતી દેખાય છે. સાથે સાથે ગ્રામોફોન ધંધાને પણ વધુ જોશ અપાતું જાય છે એ ખુશ થવા જેવું છે.

—**મેસર્સ જે. બી. મહેતા** :— આ દુકાનનું નામ પણ જાહેરમાં આવતું જાય છે. ગ્રામોફોન લાઇનમાં રસ લેતા શ્રી. મહેતા દીન પ્રતિદીન સારી ગતિ સાધતા ધંધાને વધારવા માટે ડીલરશીપો માટે પ્રયાસ કરતા જણાય છે. ટુંક સમયમાંજ આ દુકાન સારી નામના મેળવી શકશે એમ જણાય છે.

અંકલેશ્વર

ભરૂચની પાસે આવેલું અંકલેશ્વર પણ ગ્રામોફોનની દુનીયામાંથી દુર નથીજ.

મેસર્સ જગજીવનદાસ એન્ડ કું. ફોટોગ્રાફીનો મુખ્ય ધંધો ચાલુ રાખી સાઇડ બીઝનેસ તરીકે ગ્રામોફોનનો ધંધો આ દુકાન કરે છે. મી. જગજીવનદાસ પોતે ઉત્સાહી હોઇ જાતમહેનતે ધંધાને વધારવા પ્રયાસ કરતા જણાય છે.

—**મેસર્સ કે. નાગજી એન્ડ કો**:- આ દુકાન પણ ગ્રામોફોનના ધંધામાં સારો રસ લઇ રહેલ છે. છુટક રેકોર્ડોનું વેચાણ સારૂં કહી શકાય.

કાલોલ (પંચમહાલ)

—**જોશી ગ્રામોફોન હાઉસ**-કાલોલ જેવા ગામમાં પણ ગ્રામોફોન હાઉસ છે એવા વાત ખુશ થવા જેવી તો ખરીજ, એકંદરે ગામ પ્રમાણે બીઝનેસ ઠીક કહી શકાય.

ખેડા

—**કાન્તિલાલ જે. મહેતા**:-ખેડાના આ વેપારીની દુકાન ખેડામાં એકમાત્રજ જણાય છે. એકંદરે ધંધો સારો કહી શકાય ખેડાની વસ્તી અને વિસ્તારના પ્રમાણમાં વેચાણ ખોટું નજ કહી શકાય.

—**મેસર્સ વીનોદ સ્ટેશનરી માર્ટ.** આ દુકાન પણ ગ્રામોફોનના ધંધામાં સારો રસ લઇ રહેલ છે, અને દીનપ્રતિદીન સારી પ્રગતિ સાધી રહેલ છે.

ખંભાત

—ખંભાત ગ્રામોફોનના ધંધા માટે એક સારૂ સેન્ટર કહી શકાય. આ શહેરમાં જોકે ગ્રામોફોનનો ધંધો મુખ્ય એ કે ત્રણજ

PINE-O-PHONE RECORDS

સ્વરની મીઠાશ
ચાખવી હોય તો
અમારી દુકાનની મુલાકાત લ્યો.

-સોલ ડીસ્ટ્રીબ્યુટર્સ-
○ મેકસીટોન રેકર્ડ કંપની
○ એરોફોન રેકર્ડ કંપની
○ પાયનોફોન રેકર્ડ કંપની

-ઓથોરાઇઝડ ડીલર્સ-
○ યંગ ઇન્ડીઆ
○ મેગાફોન
○ સેનોલા
○ નિઝામ
○ જાઇનોફોન

ગ્રાહકોનો સંતોષ
એ અમારો
મુદ્રાલેખ છે.

ગ્રામોફોનના છુટા પાર્ટ તેમજ તેને લગતો
દરેક સામાન અમારે ત્યાંથી મળશે.

ઉપરાંત

ગ્રામોફોન રીપેર કરવામાં આવે છે.

The New Bharat Phone Company.

Pankore Naka ... ... Ahmedabad.

ગ્રામોજગતની
"બન કી ચીડીયા"

ખેત કી મૂલી બાગ કો આમ

દેવીકા રાણી
|
* બોમ્બે ટોકીઝ *



:: યુગ ચિત્ર ::

ગ્રામોફોન અંક

ગ્રામોફોન જગતમાં ગરવા ગીતોનો
ગુંજારવ કરનાર જાણીતા ગાયક
કાન્તિલાલ રણજીતને રાજદ્વારે
સંગીતની સૃષ્ટિ રચે છે.

—અંબાલાલ કરમચંદ શાહ— આ દુકાન પણ ઠીક જણાય છે. હરિફાઈ વધુ છે-નાનકડા ગામમાં હરિફાઇની જરૂર નજ હોય. છતાં ધંધામાં સારૂં ધ્યાન આપવામાં આવે છે.

ડાકોર.

ડાકોર જાત્રાનું ધામ છે. અનેક જાતના ધાર્મિક માણસો ત્યાં આવે જાય છે. તેમાં ગ્રામોફોનની દુકાન વધુ હોય તો નભી શકે એમ છે છતાં આ ગામમાં વધુ દુકાનો જણાતી નથી.

—સોમચંદ મંગલદાસ ઘડીયાળી: આ વેપારી ઘડીયાલ તથા ગ્રામોફોનનો ધંધો કરે છે. એકંદરે દુકાન સારી છે. ધંધો પણ ઠીક જણાય છે- ગ્રામોફોન તથા રેકર્ડના ધંધા ઉપર વધુ ધ્યાન આપવ માં આવે તો વધુ લાભ ઉઠાવી શકાય.

દાહોદ.

દાહોદ ગામ કહેવાય ન્હાનું છતાં ગ્રામોફોનનો ધંધો કરતી દુકાનો સારી કહી શકાય, દાહોદનો ફાળો ગ્રામોફોન ધંધામાં એકંદરે સારો કહી શકાય.

મેમોરીયલ ગ્રામોફોન હાઉસ-ગોધરાના મેમોરીયલ ગ્રામોફોન હાઉસની આ શાખા છે. એકંદરે બીઝનેસ સારૂં કહી શકાય.

મહાવીર ગ્રામોફોન હાઉસ-યંગ ઇન્ડીઆના ડીલર છે. ધંધો પણ સારો ખેડે છે. માલીક જાત મહેનતુ અને ઉમંગી છે. ધંધાને વધારવા સારા પ્રયાસ કરતા જણાય છે.

નાનુભાઈ જી. ભટ્ટ—આ વેપારી પણ ગ્રામોફોન લાઈનનું ઠીક ઠીક બીજનેસ કરી રહેલ છે.

વ્યાસ બ્રધર્સ—દાહોદના આ વેપારીની પ્રગતિ પણ નોંધદાયક છે.

પાટણ.

પાટણ તો જુની રાજધાની; સીધરાજ જયસિંહના ગૌરવની જુની યાદગીરી, તેમાં ગ્રામોફોનનો બીઝનેસ કરતા વેપારીઓ હોય એમાં નવાઇ નથીજ.

બબાભાઈ ઝમકરામ—પાટણના આ જુના અને જાણીતા વેપારી છે. હિઝ માસ્ટર્સ વ્હોઇસના ઓથોરાઇઝડ ડીલર છે. વેપારી કુનેહબાજીથી આગળ વધેલા વેપારી છે. આ દુકાનનું નામ ઘણું જુનું છે. આસપાસના ગામોમાં આ દુકાનની ખ્યાતી સારામાં સારી હોઇ અનેક ગ્રાહકો દુરદુરથી આ દુકાને રેકર્ડ તથા વાજાં ખરીદવા આવે છે.

હસમુખલાલ એન્ડ કંપની—ઉપરની દુકાનની હરીફાઇમાં ધંધો કરતી આ

સફેદો, એલતેલ, ઝીંક, હબક વાઘ છાપ
તેમજ દરેક જાતનો રંગ સામાન
પૂરતા સ્ટોકમાં અમો રાખીએ
છીએ
એક
વખત
પધારી
ખાત્રી
કરો.

હાર્ડવેર તેમજ
રંગ તેલ ખરીદતાં પહેલાં
વડોદરા ખાતે
આટલું નામ
યાદ રાખજો.
જીવાભાઈ નજમુદ્દીન
કંસારા બજાર
વડોદરા.

સોની
કામ
તેમજ
સુથારી
કામના
હથિઆરો, ઓજારો માટે અમારી
દુકાનની મુલાકાત લ્યો—

જર્મન કાઉન્સીલ હારબીનો (ચીને)
૧૫ વર્ષથી આંખોની વ્યાધી ભોગવતા રોગીઓ કે જેને જર્મનીની હોસ્પીટલોએ અસાધ્ય કહી દીધાં હતાં, તેઓ નેત્ર સંજીવન અંજનનો ઉપયોગ કરીને સાજા થઇ ગયા છે તેમજ આંખોવાળા થઇ ગયા, જો આંખોમાં કાંઇ પણ ચેતન બાકી હશે તો ગમે તેવા કઠીન જાળા ફુલાં મોતીયા બીન્દુ અથવા ગમે તે નેત્ર રોગ હોય તો પણ એ બધાને માટે નેત્ર સંજીવન રામબાણ ઉપાય છે.
કીંમત શીશી ૧ નો રૂ ૧-૪-૦ ટપાલ ખર્ચ જુદુ.
ત્રણથી વધુ શીશી ખરીદનાર માટે ટપાલ ખર્ચ માફ
પરદેશના ગ્રાહકોએ ટપાલ ખર્ચ સાથે માલના પૈસા અગાઉથી મોકલવા.
નેત્ર સંજીવન ડેપો.
૧૧૫ ઇબ્રાહીમ રહેમતુલ્લા રોડ ભીંડીબજાર મુંબાઇ
બ્રાંચ— જુમા મસ્જીદ, મુંબાઇ, ૨.

T.S. THAKKAR
T.S. THAKKAR
GANDHI ROAD
AHMEDABAD
R M K
GANDHI ROAD
AHMEDABAD

آفتاب اسلام
AFTAB-E-ISLAM

તમને સાંભળતાજ
ગમી જાય
એવી
સ....ર....સ
રેકર્ડો
ખરીદવા
પધારો.

સારા
ગ્રામોફોન
ની ખરીદી માટે અમને
.......મળો........

LOTUS
THE QUALITY RECORD
THE DIAMOND RECORD CO.

○ મુંબઈની જાણીતી અનેક
—કંપનીઓના ડીસ્ટ્રીબ્યુટર્સ—
- ○ ઓકેએ રેકર્ડ કંપની
- ○ વીનસ રેકર્ડ કંપની
- ○ ડાયમન્ડ રેકર્ડ કંપની
- ○ કીંગ રેકર્ડ કંપની
- ○ અવર ઇન્ડીઆ રેકર્ડ કંપની

વિગેરે દરેકના
ગુજરાતના સોલ ડીસ્ટ્રીબ્યુટર્સ

તમારી
માનીતી રેકર્ડો
આ દુકાને મળી
—શકશેજ—

ત્રીકમલાલ સોમચંદ ઠક્કર

--ગાંધી રોડ——બાલા હનુમાન——અમદાવાદ--

YOUNG INDIA

BOMBAY RECORD

SOLE PROPRIETORS OUR INDIA RECORD CO. ... (KATHIAWAR)
ISLAM RECORD

દુકાન પણ પાટણમાં જાણીતી છે. એકંદરે આ દુકાનનો બીઝનેસ પણ સારો કહી શકાય.

અંબાલાલ મોતીલાલ દાણી— આ દુકાન પણ ગ્રામોફોનનો બીઝનેસ કરે છે. એકંદરે રીટેઈલ સેઈલીંગ ઠીક જણાય છે. દુકાન સારા પ્રકારની જણાય છે.

સિધ્ધપુર

અંબાલાલ માનચંદ–ધ્યાન મુજબ H. M. V. ડીલર છે, વેપાર સારો કહી શકાય. દુકાનને આગળ લાવવાના માલીકના પ્રયાસો નોંધપાત્ર છે. ગ્રામોફોન્સ િ. નું વેચાણ પણ સારૂં છે.

હસમુખલાલ એન્ડ કો.;–આ પણ ગ્રામોફોન તથા રેકર્ડોની દુકાન છે. એકંદરે બીઝનેસ ગામના પ્રમાણમાં સારો છે. માલીકનો સ્વભાવ આનંદી અને મળતાવડો છે.

પાધ્યા એન્ડ કો—શ્રી. નટવરલાલ પાધ્યા માલેક છે. અનુભવી અને બાહોશ વ્યકિત છે, 'યંગ ઈન્ડીયા' ની ડીલરશીપ ધરાવે છે. મંડીબજારમાં આવેલી આ દુકાન દીનપ્રતિદીન સારી પ્રગતિ સાધી રહી છે. વધુને વધુ પ્રચાર થતો જશે તેમ તેમ આ દુકાન સારી રીતે જામતી જશેજ એમાં શક નથી.

પેટલાદ

પેટલાદમાં પણ ગામોફોન લાઈન સારા પ્રમાણમાં વિકાસ પામી શકી છે. નાની દુકાનો હોવા છતાં પણ ધંધો સારો છે.

દુકાનોમાં

સુરેંદ્ર વોચ કુંપની:–ઘડીયાળ સાથે ગ્રામોફોનનું બીઝનેસ કરે છે યંગ 'ઇન્ડીઆ' ના ડીલર છે એકંદરે સારો બીઝનેસ કરે છે.

ગોરધનદાસ એ. ગાંધી:--આ દુકાન પણ ગ્રામોફોન લાઇનના ધંધામાં સારી પ્રગતિ સાધી રહી છે. દીન પ્રતિદીન વધુ આગળ આવશે એમ જણાય છે.

તુલસીદાસ બી. પંચાલ;–જનરલ મરચન્ટ છે. ગ્રામોફોન લાઈનનો થોડો ઘણો બીજનેસ કરતા જણાય છે. ગ્રામોફોન રેકર્ડોનો બધું બીઝનેસ કરવાની ઈચ્છા રાખે છે.

જે. બી. પાકાવાલા:–ગ્રામોફોનનો વેપારી છે. ધંધો એકંદરે સારો છે. વધુ મહેનત કરશે તો દુકાનને વધુ જાહેરમાં લાવી શકશે.

રમણલાલ શીવલાલ મહેતા:– સ્ટેશનરોડ પર આવેલી આ દુકાને પણ આગળ વધવાનો વધુ પ્રયાસ કરવાની જરૂરત છે. માલેકનો ઉત્સાહ સારો છે. તો ટુંક સમયમાંજ દુકાન સારા પાયા પર ગ્રામોફોનના ધંધામાં ઝુકાવશે એમ જણાય છે.

મહેમદાવાદ

—**રસીકલાલ ચુનીલાલ સાઈકલવાલા**:–સાઈકલ અને પેટ્રોમેક્ષના ધંધા સાથે સાઈડ બીઝનેસ તરીકે ગ્રામોફોન રેકર્ડો પણ વેચે છે. મહેમદાવાદમાં આ દુકાનનું નામ ઘણું જાણીતું છે.

મ્હેસાણા

વ્યાસ એન્ડ કુંપની:–આ દુકાન જાણીતી છે. ગ્રામોફોન તથા રેકર્ડોનો ધંધો કરે છે એકંદરે નોંધ પાત્ર દુકાન છે.

---**મ્હેસાણા મ્યુઝીકલ હાઉસ**;–આ દુકાન પણ મ્હેસાણામાં જાણીતી છે. એકંદરે બીઝનેસ સારો.

—**ત્રીભૂવનદાસ રામચંદ્ર ઘડીયાળી**,– આ દુકાન પણ ગ્રામોફોનને લગતો થોડો બીઝનેસ કરતી જણાય છે.

મેસર્સ ગણેશ વોચ કુંપની : ઘડીયાળો સાથે આ દુકાન પણ સાઇડ બીઝનેસ તરીકે ગ્રામોફોનના ધંધાને જાળવી રહી છે.

રાજપીપળા

દારાશા મંચેરજી: જુના અને જાણીતા વેપારી છે, હિઝ માસ્ટર્સ વ્હોઈસની ડીલરશીપ ધરાવે છે, ગ્રામોફોન બીઝનેસ ઉપર સારૂં લક્ષ્ય આપતા જણાય છે, રેકોર્ડોનું વેચાણ પણ એકંદરે સારૂં જણાય છે.

શેઠ એન્ડ કો.—આ દુકાન પણ રાજપીપળામાં સારૂં સ્થાન ધરાવતી જણાય છે. ગ્રામોફોન રેકર્ડના બીઝનેસ ઉપર ઠીક ધ્યાન આપવામાં આવે છે.

રાંદેર

બી. એમ. કલ્યાણજી—રાંદેરના આ વેપારી ગામના પ્રમાણમાં સારો બીઝનેસ ખેડતા જણાય છે.

લુણાવાડા.

—**રામશંકર જાની એન્ડ બ્રધર્સ**;– લુણાવાડામાં આવેલી આ દુકાન ગામ પ્રમાણે ઠીક બીઝનેસ કરતી જણાય છે.

—**મફતલાલ ઓછવલાલ પરીખ**;– તાજેતરમાંજ ઉઘડેલી આ દુકાને હાલમાં સારી પ્રગતિ સાધવા માંડી જણાય છે.

વિરમગામ.

—**નવરોજી ફરામજી એન્ડ સન્સ**;– જુની અને જાણીતી દુકાન છે. હિઝ માસ્ટર્સ વ્હોઇસની ડીલરશીપ પણ ધરાવે છે. બીઝનેસ સારો છે. આસપાસના ગામના વેપારીઓ આ દુકાનેથી ખરીદી કરતા જણાય છે. વીરમગામમાં આ દુકાનની સારી ખ્યાતી છે.

ઉજજેન.

માળવા ગ્રામોફોન એજન્સી.

ઉજજેનમાં આ દુકાન ઘણીજ આગળ પડતી લેખાય છે. હીઝ માસ્ટર્સ વોઇસની ડીલરશીપ છે અને વાજાઓ તેમજ દરેક લેબલની તાવડીઓનો ઉપાડ સારા પ્રમાણમાં થાય છે.

બાલમુકુંદ ગુલાબસિંહ બ્રધર્સ.

ગ્રામોફોનને લગતું બીઝનેશ કરતી આ દુકાન સારી નામના ધરાવે છે. સંચાલકો નમ્ર અને ખંતીલા છે. જાત મહેનતથી દુકાનને આગળ વધારી શક્યા છે. બીઝનેશ સારૂં ચાલે છે.

શ્રી કૃષ્ણ વોચ કંપની.

ખાસ કરીને ઘડીયાલનું બીઝનેશ કરતી આ કંપનીએ સાઈડ બીઝનેશ તરીકે ગ્રામોફોન રેકોર્ડસના વેચાણમાં તેમજ રીપેરીંગ વર્કમાં સારી નામના પ્રાપ્ત કરી છે.

ઈન્દોર

રામચંદ્ર એન્ડ પ્રતાપરાવ

હીઝ માસ્ટર્સ વોઇસની ડીલરશીપ ધરાવતી આ દુકાન સારૂં બીઝનેશ મેળવે છે. ગ્રામોફોન લાઇનનો સારો અનુભવ સંચાલકો ધરાવે છે. કોઇ હરિફ પણ નથી એટલે ધંધામાં આંચ આવે તેમ નથી.

નેશનલ ઇલેકટ્રીક એન્ડ ઓપ્ટીકલ કંપની.

ઇલેક્ટ્રીક, ચશ્માં, ગ્રામોફોન, મશીનરી વગેરેના કામકાજમાં આ કંપનીએ સારી નામના મેળવી છે. રીપેરીંગ સ્પેશીયાલીસ્ટ છે.

વડોદરાની

પ્રજાને તેનું લાડીલું છબીઘર

પ્રીન્સ સીનેમા

પ્રજાને
ગમે તેવા મનોરંજક ચિત્રો
રજુ કરવા એ પ્રીન્સ સીનેમાની
મેનેજમેન્ટનો મુખ્ય ઉદ્દેશ છે.

દીવાળીના માંગલીક
પ્રસંગે
પ્રીન્સ સીનેમા
— રજુ કરે છે —
વાડીયા મુવીટોનનું
સ્ટંટ ચિત્ર
રંગીલો મઝદુર

નવા વર્ષની મુબારકબાદી
આપે છે.
અમારા આવતા આકર્ષણો
પૂર્ણીમા
હીરો નં. ૧
ઉપરાંત બીજા અનેક
—આકર્ષણો—

ગ્રામોફોન બજાર કાઠીયાવાડના જાણીતા વેપારીઓ.

રાજકોટ.

સમસ્ત કાઠીયાવાડના વેપારનું આ મહાન મથક આજે તો આખાય હિંદની જબાને ચઢી ગયું છે. પ્રજાની આઝાદી અંગેની લડતે 'રાજકોટ' એ ચાર અક્ષરના શબ્દને ખરેખર અમર બનાવ્યું છે.

કેવળ હિંદુસ્થાન નહિં પરંતુ દુનિયાના બીજા દેશો પણ 'રાજકોટ'ની વાત જાણવા માટે હંમેશાં કાન ઉંચાજ રાખે છે: કારણ કે રાજકોટના દિવાનપદે એક અંગ્રેજ નામે મી કેડલ છે.

મી. કેડલ અંગ્રેજ છે, રાજકોટની જનતા હિંદી છે. જનતાએ રાજ્ય સામે લડત ઉપાડી છે, મી કેડલ રાજ્યના દિવાન છે. દેશો દેશની જનતા તેમાંય અંગ્રેજો અને હિંદીઓ એ જાણવા માગે છે કે એમાંથી વિજય કોણ મેળવે છે!

રાજકોટ કંઈ મામુલી ગામડું નથી. કાઠીયાવાડનું સારામાં સારૂં વેપારનું મથક રાજકોટ છે. એ શહેર સધરેલું છે. ત્યાંની જનતા સુસંસ્કારી શોખીન અને સમજુ છે.

રાજ્યના સિતમના કોયડાએ રાજકોટની નંદનવન સમી વેપાર વાડીની ચમકાર મારતી ચાંમડીને લોચો બનાવી દીધા છે. જનતામાં જ્વાળામુખી સમાન જાગૃતી આવી ગઇ છે. એ જ્વાળામુખી ફાટી નિકળ્યો છે તેમાંથી યાહોમ લાવા રસ ઝરવા માંડ્યો છે. કોઈ મહાન પ્રલયના પુર સમાન ચાલ્યા આવતા એ લાવા રસને પોતાના નાનકડા એવા ચાર હાથો વડે રોકવા માટે રાજકોટના રાજાસાહેબ અને અને દિવાનજી તૈયાર થયા છે.

આ તુફાનને લીધે રાજકોટની જનતાના દિલ ઉકળી ઉઠ્યાં છે. ચિત અધ્ધર રાખીને લોંકા દિવસો કાઢે છે અને રાજકોટના વેપાર ધંધાની સત્યાનાસી તેમજ ખાનાખરાબી થઈ ગઇ છે.

આવા સંજોગો વચ્ચે ગ્રામોજગત માટે આશીર્વાદ સમાન લેખાતા રાજકોટના ગ્રામોફોન બજારની હાલત પણ શોચનીય બની ગઇ છે. રાજકોટના ગ્રામોબજારની જાહોજલાલી આજે સુકાઈ ગઈ છે.

સત્તાશાહી અને પ્રજાવાદની લડતમાં રાજકોટના અન્ય વેપારીઓ સાથે અને જનતા સાથે ગ્રામોફોન બજારના વેપારીઓએ પોતાનો સુંદર ફાળો આપવામાં કોઇપણ જાતની કચાશ રાખી નથી.

હજારો રૂપિયાના ખર્ચાઓ માથે ચડતા હોવા છતાં પણ પ્રજાએ હડતાલ પાડવાનો ઠરાવ કર્યો હોય તો ગ્રામોફોન બજારના વેપારીઓ પોતાની દુકાનો તેમજ ધંધો બંધ રાખે એ કંઇ જેવો તેવો ત્યાગ ન લેખાય.

ગ્રામોબજારના વેપારીઓ તેમજ રાજકોટના અન્ય વેપારીઓ આજે જે ત્યાગ બતાવી રહ્યા છે તે ખરેખર મહાન અને અદ્વિતિય છે. રાજકોટના વેપારીઓ પાસેથી હિંદના બીજા ભાગના વેપારીઓએ ત્યાગના પાઠ શીખવાના છે.

રાજકોટની જનતાને આ આકરી કસોટીમાંથી વિજય સાથે પસાર થવાનું છે. આ મહાન તપશ્ચર્યાનું ફળ આખરે જનતાને મળવાનું છે લોકમતનો વિજય એ રાજકોટના દરેક વેપારી બંધુઓ તેમજ અન્ય પ્રજાજનો માટે ગૌરવનો વિષય છે.

શ્રી. ગટુભાઈ
પો. દવે વ્યાસની કુંપની
—રાજકોટ—

ધન્ય છે રાજકોટના ગ્રામોબજારના વેપારીઓને કે જેમણે પોતાની મહાનતા છેવટસુધી અનેક કષ્ટના ભોગે પણ જાળવી રાખી છે.

* * *

કાઠીયાવાડ તરફ ગ્રામોફોનના ધંધા માટેનું એક જબ્બર ક્ષેત્ર રાજકોટ છે દર વર્ષે ગ્રામોફોનને લગતી દરેક વસ્તુઓનો બહોળો ઉઠાવ રાજકોટ કરતું આવે છે.

આ વર્ષની, આ દિવળી રાજકોટના ગ્રામોફોન બઝારના વેપારીઓ માટે ઘણીજ ચિંતાયુકત પસાર થવાની છે, છતાં પણ રાજકોટનો કોઇપણ ગ્રામોબઝારનો વેપારી એથી હિંમત હારે તેમ નથી.

રાજકોટે ગ્રામોફોનના ધધામા સુંદર પ્રગતિ સાધી છે. આ ધધાને લગતા બાહોશ, ગણત્રીબાજ, બુદ્ધિશાળી અને હિંમતવાન વેપારીઓ રાજકોટ ધરાવે છે.

દવે વ્યાસની કંપની

રાજકોટ મધ્યે ગ્રામોફોનનું કામકાજ કરતી દુકાનોમાં ઉપરોકત કંપની પોતાનું સ્થાન સારામાં સારૂં ધરાવે છે. કંપનીના સંચાલકો અનુભવી અને ધંધાની પ્રગતિના રસ્તાઓ બરાબર જાણતા હોવાથી વેપારને

નવું વર્ષ

સુખદાયી 'નીવડો'

આપણુંજ, હિંદુ જનતાના વિરાટ દેહનાજ, એક અંગ સમી સાત કરોડની માનવતા હરિજન, અછુત, ઢેડ ભંગી, અસ્પૃશ્યના કલંકીત નામે કચડીને આપણે દરવર્ષે – – –
કયા મુખે એ મંગલ વચન કહી શકીએ ?
હજારો વર્ષોથી હિન્દુનામ પર ચોંટેલી એ કલંકની કાળી ટીલી ભુંસી નાખ્યેજ છુટકો.

આપણા

પવિત્ર મનાતા તિર્થધામોમાં સાક્ષાત પ્રભૂના દરબારમાંજ, આજે ઉચ્ચવર્ણની કહેવાતી હિન્દુતા અસ્પૃશ્યો પર ઘોર સીતમ વર્ષાવી રહી છે! કયા વો સચ્ચ હૈ? જી હાં જનાબ.

SARASWATI CINETONE
सच है
IT'S TRUE

સરસ્વતી સીનેટોનનું
એક સંદેશ ચિત્ર
કથાનક– દિગદર્શન
શ્રી. ચૌધરી
ભુમિકા—મોતીલાલ, રોઝ, ઉષા, ચાંદની, બાબા વ્યાસ, ચોબે
બુકીંગ
કપુરચંદ લી.
ન્યુ કવીન્સ રોડ, મુંબઇ.

નોવેલ્ટીમાં ચાલુ છે
મુંબઇનું પ્યારૂં ચિત્ર
રાજા ગોપીચંદ
હિન્દી જબાનમાં

તઇયાર થાય છે
ઇતિહાસીક ચિત્ર
ભગવા ઝંડા
દિગ્દર્શક
દાદા સાહેબ તોરણે

સારા પ્રમાણમાં ખીલવી શકયા છે મુંબઇની બઝારમાં પણ ઉપરોકત કંપનીનું સારૂં વજન પડે છે. હીઝ માસ્ટર્સ વ્હોઇસની ઓથોરાઇઝડ ડીલરશીપ આ કંપની ધરાવે છે. રાજકોટ મુકામે તેઓ ન્યુઝ એજન્ટ હોવાને લીધે તેમની દુકાન તરફ રોજની હજારો આંખો મંડાયલીજ હોય છે. ગ્રામોફોનના ધંધામાં ઘણીજ સુંદર પ્રગતિ કરી છે. દરેક મેકરના વાજાંઓ તેમજ દરેક લેબલની તાવડીઓનો સુંદર ઉઠાવ આ કંપની કરે છે. ઉત્તમ કારીગરોને હાથે તૈયાર થતાં વાજાંઓ પણ સારા પ્રમાણમાં ચાલે છે. એકંદરે આ કંપની સુંદર વ્યવસ્થા અને બીઝનેશ ધરાવે છે.

ગોડસન ટ્રેડીંગ કંપની.

ઉપરોકત કંપની રાજકોટની જનતા વચ્ચે સારી રીતે જાણીતી છે. ગ્રામોફોનના ધંધામાં આ કંપનીનું સ્થાન આગળ પડતું છે. સંચાલકો મહેનતુ અને ખંતીલા હોવાથી ધંધામાં ઉત્તમ લાભ તારવી શકે છે. વાજાંઓનો ઉઠાવ સારામાં સારો કરે છે. જ્યારે સ્પેર પાર્ટસના વેપારમાં પણ પોતાનું સ્થાન આગળ પડતું ધરાવે છે. તેઓ પોતાનું કામકાજ હજુપણ મોટા સ્કેલ ઉપર લઈ જવા માગે છે અને તેને માટે સંચાલકો સમ્પૂર્ણ શકિત ધરાવે છે. કંપનીની ધંધાની ઉન્નતીને અંગે શ્રી. ભીમજીભાઇ સારો પરિશ્રમ ઉઠાવી રહ્યા છે. ગ્રામો જગતનો તેમનો અનુભવ ઘણોજ સુંદર છે. એકંદરે ગ્રામોફોનને લગતી દરેક વસ્તુઓનું બીઝનેશ સારા પ્રમાણમાં ધરાવે છે.

કાઠીયાવાડ મ્યુઝીકલ સ્ટોર્સ.

ગ્રામોફોનની આ દુકાને બજારમાં સુંદર સ્થાન જમાવ્યું છે. ખાસ કરીને દરેક લેબલની રેકાર્ડોનું વેચાણ ઘણાજ મોટા પ્રમાણમાં આ સ્ટોર કરે છે. ગ્રામોફોન રીપેરીંગ માટે આ દુકાન સારી નામના ધરાવે છે. સંચાલક તેમજ કારીગરો ધંધાના અનુભવો ધરાવતા હોવા ઉપરાંત નમ્ર અને મળતાવડા સ્વભાવના હોવાને કારણે કામકાજ ખુબજ સુંદર રીતે આગળ વધારી શકયા છે. નામચિન વાજાંઓ, પીનો, મશીનો તેમજ રેકોર્ડો આ દુકાન આયાત કરીને વેચે છે જેમાં સુંદર પ્રગતિ સાધી છે

મોડર્ન મ્યુઝીકલ માર્ટ.

રાજકોટના ટાઉનહોલ સામે આવેલી ગ્રામોફોનને લગતું કામકાજ કરતી આ દુકાન રાજકોટ મુકામે સારી પ્રતિષ્ઠા ધરાવે છે. ગ્રામોફોન તેમજ રેડીઓના વેચાણને લગતું કામકાજ આ દુકાન બહોળા પ્રમાણમાં કરે છે. ગ્રહાકોની ચાહના સંચાલકોએ સારા પ્રમાણમાં મેળવી છે. કંપની નેશનલ ગ્રામોફોન રેકાર્ડ કંપનીની ઓથોરાઇઝડ ડીલરશીપ ધરાવે છે અને ‘યંગ ઇન્ડીઆ’ રેકાર્ડસનો બહોળા પ્રમાણમાં ઉઠાવ કરે છે. વધારામાં ન્યુઝ પેપર એજન્ટ હોવાથી રાજકોટની જનતાનું ધ્યાન સારૂં ખેંચે છે. ગ્રામોફોન વાજાંઓનું વેચાણ પણ સારૂં કહેવાય.



વર્ધમાન. પી. શાહ
ભાવનગર

માલવીઆ બ્રધર્સ.

આ દુકાન પણ ગ્રામોફોન બજારમાં સારી ખ્યાતિ ધરાવે છે. તાવડીઓનું વેચાણ સારૂં મેળવે છે. હજી વધારે બહોળા પ્રમાણમાં ગ્રામોફોનને લગતું કામ કાજ ઉપાડે તો સારો ધંધો કરી શકે તેમાં કાંઇ શક નથી. સંચાલકો રાજકોટમાં સારી નામના ધરાવે છે, ગ્રાહકો બાંધેલા જેવા હોવાથી ધંધામાં કોઇ ખાસ મુશ્કેલી ઉઠાવવી પડતી નથી. શેવરોલેટ તેમજ અન્ય મોટરોના મોટામાં મોટા વેપારી છે અને યંગઇન્ડીઆના અંગતહિતેચ્છુઓમાંના શ્રી. દુર્ગાપ્રસાદ માલવીયા એક છે.

ક્રીશ્ના વોચ કપની.

ઘડીઆળોનો વેપાર કરતી આ કંપની સાઇડ બીઝનેશમાં ગ્રામોફોન તેમજ તેને લગતી વસ્તુઓનું વેચાણ કામ તેમજ રીપેરીંગ કરે છે. ઘડીઆળી તરીકેની ઉત્તમ નામના આ કંપની ધરાવે છે. સારા અને નામાંકિત ઘડીયાળો તેમજ વાંજાઓનો વેપાર આ દુકાન કરે છે. ખાસ કરીને રીપેરીંગ એ આ કંપનીની સ્પેશીઆલીટી છે. બીઝનેશ ઘણુંજ સુંદર કહેવાય.

રોયલ ગ્રામોફોન એન્ડ કલોક માર્ટ.

આ દુકાન ગ્રામોફોન તેમજ ઘડીયાળોનો વેપાર કરે છે. સંચાલકો રાજકોટમાં સારી પ્રતિષ્ઠા ધરાવે છે. બહારગામથી મોટા જથ્થામાં માલ મંગાવીને બીઝનેશ કરે છે. ગ્રામોફોનના વેપારમાં પણ સારી ખીલવણી કરી શકયા છે. સ્પેરપાર્ટસ તેમજ રેકોર્ડોના વેચાણમાં પ્રગતિ સાધી શકયા છે જ્યારે રીપેરીંગ કામ પણ સારા પ્રમાણમાં કરે છે, ગ્રામોફોનના ધંધાને હજુ પણ વધારે અને સારી કંપનીઓની એજન્સી પોતાને હસ્તક કરી લે તો આ કંપની ઘણીજ આગળ વધી શકે તેમાં શક નથી.

જી. એન. તન્ના એન્ડ કંપની

સર લખાજીરાજ રોડ ઉપર આવેલી

વીનસની લોકપ્રિયતા

નવી રેકર્ડો
ખરીદતાં
પહેલા
વીનસ
નું નામ
રખે ચુકતા.

સુંદર મરાઠી રેકર્ડ

V. J. 555

“ આલા કશાલા ”

“ દરવળલા કુસુમાંચ્યા પરિમલૈ”

કુમારી લીલા નરવણે

| ફરગ્યુસન કોલેજ |
| —પુના— |

ના મધુર અવાજ જરૂર સાંભળો

સુંદર સ્વરછદાયક રેકોર્ડોના રીલીઝને આભારી છે. – — –

હિંદુસ્તાનના ખુણે ખુણામાં વાગતી અને સંગીતના પુર વહાવતી **વિનસની રેકાર્ડો સાંભળો.**

NO. A 1

ઉપર પહાડી સરવર
“ ખ્વાજા તેરે ”
“ વહ દનકી આગ ”
—સંભળાવે છે.—

વીનસ રેકાર્ડ કંપની.

THE VENUS RECORD CO.

ચર્ચગેટ સ્ટ્રીટ

રેડીમની મેન્શન
મુંબઈ ૧,



અંતરના બાગમાં એક ફુલ ઉગ્યું
તેનું આ દૂનીઆએ પ્રેમ નામ પાડયું

ગૂજરાતના ઘરઘરમાં
પોતાના મધૂર સૂરની મોહીની
લગાડનાર રેકોર્ડ જગતની માનીતી
રાજકુમારી
(બનારસ.)

Lakshmi Art, Bombay, 8

ગરવી ગુજરાત અને શૌર્યભૂમિ સૌરાષ્ટ્ર

ના વેપારીઓ માટે આ નામ નવું નથીજ

TRADE MARK
ELECTRICAL RECORDING
YOUNG INDIA

સર્જન, સંસ્કાર અને સાહિત્ય
એટલે
—'યંગ ઇન્ડીયા'—

- ગુજરાતી
- હિન્દી
- મરાઠી
- ઉર્દુ
- બંગાલી

વગેરે
ભાષાઓમાં
આ રેકર્ડો
બહાર પડે છે.

—ઝંડા ઉંચા રહે હમારા—
નું રાષ્ટ્ર ગીત
જેમ હિંદીઓ અભિમાન
પુર્વક
ગાય છે તેમ
અમે પણ
અમારા સ્વદેશી ઉદ્યોગના
પ્રતિક સમી સ્વદેશી
રેકોર્ડોના
વિજય ગીત
—અભિમાનપુવક ગાઇએ

- સુંદર સાહિત્ય
- મધુર સંગીત
- સચોટ સંવાદો
- આલ્હાદક અવાજ
- આદર્ષ ભાવના

....એ તે ..
યંગ ઇન્ડીયા
રેકોર્ડોની
ખાસ વિશિષ્ટતા
છે.

દર મહીને
બહાર પડતી નવી
રેકોર્ડના કેટલોગ માંગો.

THE GRAND NATIONAL MUSICAL HOUSE.
Distributors for Young India.
P. O. 101 Natver Nivas, Gandhi Road, Ahmdabad.

ધી નેશનલ ગ્રામોફોન રેકર્ડસ મેન્યુ. કુંપની લી, મુંબઇએ નીમેલાઃ—
ગુજરાત અને કાઠીયાવાડના ડીસ્ટ્રીબ્યુટર્સ

ધી
ગ્રાન્ડ નેશનલ મ્યુઝીકલ હાઉસ

પો.બો.નં.૧૦૧ ગુજરાતના સોલ ડીસ્ટ્રીબ્યુટર્સઃ— અમદાવાદ.

આ દુકાન ઉપર ગ્રામોફોન તેમજ રેડીઓ અને હારમોનિયમ ને લગતું વેચાણ કામ સારા અને બહોળા પ્રમાણમાં થાય છે. શ્રી. ગોપાળદાસ ભાઇ આ ધંધાનો બહોળો અનુભવ ધરાવે છે અને વેપારી કુનેહ હોવાને કારણે ધંધામાં સારી ખીલવણી કરી શકયા છે. છેલ્લા પાંચ વર્ષથી એકધારી પ્રગતિ કરતી આ દુકાન 'યંગ ઇન્ડીયા' રેકોર્ડસની ડીલરશીપ ધરાવે છે, ગ્રામોફોન રેડીઓ હારમોનિયમ અને તેના છુટા ભાગોનું વેચાણ બહોળા પ્રમાણમાં કરે છે, આ દુકાનની પ્રતિષ્ઠા ઘણીજ સારી છે.

હીંમતલાલ લલ્લુભાઇ

એક બાહોશ ધંધાદારી અને ખંતીલા કારીગર તરીકેની શ્રી. હીંમતભાઇની નામના રાજકોટના ગ્રામોજગતમાં ઓછી નથી. તેઓ પોતાનામાં રહેલી વેપારી શકિતઓને અંગે ગ્રામોફોન લાઇનમાં સારી પ્રગતિ સાધી શકયા છે.. રેકોર્ડસ તેમજ ગ્રામોફોનનો ઉઠાવ સારા પ્રમાણમાં કરે છે. ગ્રહાકો તરફનું તેમનું નમ્ર અને આકર્ષક વર્તન આશ્ચર્ય મુગ્ધ બનાવી દે તેવું હોય છે. બીઝનેસ ઘણું સારૂં કહી શકાય, હીઝ માસ્ટર્સ વ્હોઇસના ઓથોરાઇઝડ ડીલર છે.

ન્યુ ગ્રામોફોન વર્કસ.

આ દુકાને ગ્રામોફોનની લાઇનમાં સારી પ્રગતિ સાધી છે. કંપનીના માલેક શ્રી, મથુરભાઈ એક પીઢ અને અનુભવ રીઢા માણસ છે. સમય અને સંજોગોનો લાભ લેવાની તેમનામાં રહેલી શકિત ખરેખર સુંદર છે, પોતાની બાહોશીને અંગે આજે બજાર વચ્ચે સારી પ્રતિષ્ઠા ધરાવે છે. વાજાંઓ તેમજ તાવડીઓના વેચાણમાં હરસમયે સારો ફાળો આપતા રહે છે,

સૈફી ગ્રામોફોન વર્કસ

ગ્રામોફોનને લગતું. કામકાજ કરતી આ દુકાન રાજકોટમાં જાણીતી છે, છેલ્લા કેટલાક સમયથી આ દુકાનની જોરદાર પ્રવૃતિ ખરેખર નોંધ લેવા લાયક છે. ગ્રામોફોન રીપેરીંગ માટે આ દુકાન ઘણીજ જાહેર છે. દરેક લેબલની રેકોર્ડોનો ઉઠાવ પણ સુંદર રીતે કરવામાં આવે છે. કંપનીના માલેક મી. હસનઅલી ગ્રામોફોનનો સારો અનુભવ ધરાવે છે અને ધંધાની સમજને અંગે વેપારમાં સારી ખીલવણી કરી શકયા છે.

રાજકોટના વેપારીઓનું સમસ્ત ગ્રામો જગતમાં સુંદર વજન પડે છે. આંતરિક અશાન્તિને અંગે છેલ્લા કેટલાક સમયથી ગ્રામોફોનનો ધંધો નરમ ચાલે છે છતાં વેપારને લગતા વેપારીઓના પ્રયાસો ઘણાંજ સારા છે, રાજકોટના બજારની મંદીની અસર હિંદના બીજા ગ્રામોબજાર ઉપર થયા વિના રહેતી નથી, ગ્રામોજગતનું રાજકોટ એક અતિ ઉપયોગી અંગ છે.

જામનગર

ઇમ્પીરીયલ ટ્રેડીંગ કંપની.

જામનગર મુકામે ઉપરોકત કંપનીનો બાહ્યિક દેખાવ પણ 'ઇમ્પીરીયલ' યાને બાદશાહી છે, આ કંપની સાયકલ, મોટર, ધરાવે છે. હીઝ માસ્ટર્સ વોઇસની એજન્સી આ કંપની પાસે છે અને કુતરા છાપ વાજાઓ તેમજ રેકોર્ડોનો વેપાર મોટા પાયા ઉપર કરે છે. કંપનીના માલીક ખંતીલા અને જાતમહેનતમાં માનનારા છે, એકએક વિભાગ ઉપર તેમની બારીક દ્રષ્ટિ રહે છે. તેમનામાં રહેલી કાબેલીયત ધંધાને ઉચ્ચકક્ષા ઉપર લાવવામાં સફળ નિવડી છે. એક ઇંગ્લીશ કંપની જેટલી સુંદર વ્યવસ્થા અહિં જોવામાં આવે છે. ફોનોગ્રાફને લગતું બીઝનેશ ઘણુંજ સુંદર કહીં શકાય.

મી. સ્વામી

પ્રો: વી. બ્રાઇટ એન્ડ કું.

ગોરધનદાસ પરશોતમદાસ.

આ દુકાન ઘડીયાલોને લગતું હોલસેલ બીઝનેશ કરે છે. જામનગરની જનતા વચ્ચે આ દુકાન સારા પ્રમાણમાં જાણીતી છે, ગ્રામોફોન અને રેકોર્ડસના ધંધામાં પણ સારી પ્રગતિ સાધી છે. હીઝ માસ્ટર્સ વોઇસની ડીલરશીપ આ દુકાન ધરાવે છે, કુતરા છાપ તેમજ અન્ય લેબલોની તાવડીઓ સારા પ્રમાણમાં વેચાય છે, માલીકનો આ ધંધા તરફનો પ્રેમ પણ વિશેષ છે અને હરિફાઇ જેવું કંઇ ન હોવાને કારણે ધંધામાંથી રસકસ પણ ઠીક તારવી શકે છે.

મ્હેતા સ્ટોર્સ,

આ દુકાન ખાસ કરીને સાયકલના ધંધા ઉપર આગળ વધતી ચાલે છે, સાયકલના વેપારી અને રીપેરર તરીકે ઠીક જાણીતા છે વાજાંઓ અને તાવડીઓના વેચાણ ઉપર પણ ઠીક ધ્યાન આપે છે, ધીમે ધીમે ગ્રામોફોનને લગતું કામકાજ વધારતા જાય છે. ગ્રામોફોન રીપેરર તરીકે આ દુકાન તરફ જનતાને ખાસ પક્ષપાત છે. આ ધંધા ઉપર હજુપણ વિશેષ ધ્યાન આપીને આગળ વધવાની તમન્ના માલેકે સેવવી અસ્થાને નથી જ.

વારા વોચ કંપની.

આ કંપની ઘડીયાળોના ધંધાદારી તરીકે જામનગરમાં ઘણાંજ મોટા પ્રમાણમાં જાણીતી છે. ઘડીયાળોને લગતું છુટક તેમજ

સમસ્ત કાઠીયાવાડ
ખાતે

શેવરોલેટ મોટર

ખરીદવાનું મુખ્ય મથક

અમારા ચાહકો. ગ્રાહકો, તેમજ વેપારી મિત્રોને ૧૯૯૫ નું મંગળવર્ષ શુભદાયક નીવડો એવું ઇચ્છીએ છીએ.

સુંદર સ્વરની મીઠાશ
ની
મઝા માણતા પહેલાં, તમારી મનપસંદ રેકોર્ડો ખરીદતા પહેલાં યંગ ઇન્ડીયા રેકાર્ડનું નામ રખે ભુલતા.

માલવીયા બ્રધર્સ.

રાજકોટ.

જથ્થાબંધ કામકાજ સારા પ્રમાણમાં ચાલે છે. ગ્રામોફોનના ધંધામાં પણ આ કંપનીએ પોતાનું નામ રાખ્યું છે, યંગ ઈન્ડીઆની જામનગર ખાતેની એજન્સી આ કંપની પાસે છે અને તાવડીઓનું વેચાણ સારા પ્રમાણમાં મેળવે છે, માલેક નમ્ર અને આનંદી છે. દુકાન ઉપર ઘરાકીનું પ્રમાણ ઘણુંજ સુંદર કહી શકાય.

વઢવાણ

વઢવાણ શહેરની લંબાઇ પહોળાઈ અને વસ્તી ગણત્રીનો હિસાબ કાઢતાં એટલું તો જરૂરજ કહેવું પડશે કે આ શહેર તરફથી ગ્રામોફોનના ધંધાને ગજા ઉપરાંતનો ટેકો મળતો રહે છે, ગ્રામોફોન, રેકાર્ડસ પીન સાઉન્ડ, બોકસ, સ્પેર પાર્ટસ વિગેરેનો બાર માસમાં સારામાં સારો ઉઠાવ આ પ્રદેશ કરે છે, દરેકે દરેક લેબલનું સારામાં સારૂં વેચાણ વઢવાણ આપે છે, વઢવાણ શહેરમાં ગ્રામોફોનની દુનિયને સમૃદ્ધ બનાવવા માટે ઘણા વેપારીઓએ પોતાનો સુંદર ફાળો નોંધાવ્યો છે, વઢવાણ સીટી અને વઢવાણ કેમ્પના વહેપારીઓના નામે ગ્રામોફોનના ઈતિહાસમાં આગળ પડતાં રહેશે



એ. સી. મીસ્ત્રીની કંપની
વડોદરાના
મુખ્ય સંચાલક. મી. મીસ્ત્રી

ન્યાલચંદભાઈ અંબાવીદાસ,

વઢવાણમાં જેની ગણના પ્રૌઢ વેપારી મથકમાં આવી શકે તેવી એક દુકાન ન્યાલચંદભાઈની છે, વઢવાણ કેમ્પનાં ગ્રામોફોનનાં જુના અને બાહોશ ધંધાદારી તરીકે તેમનું સ્થાન ઘણુંજ આગળ પડતું છે અને રહેશે. કેમ્પની ચારે દુકાનોમાં આ દુકાનનો મોભો વટ, ઠઠારો, આકર્ષણ ખરેખર દિલમાં પહેલું ઘર કરી જાય તેવાં છે. દુકાનની બહારનો ભભકો અને દુકાનની અંદરની સુક્ષ્મ વ્યવસ્થા એ ઘડી માણસને આકર્ષી રાખે તેવાં છે. વઢવાણમાં ન્યાલચંદભાઈની દુકાને મુંબઈથી પણ વધુ સુંદર ગ્રામોફોન બઝાર ઉભું કર્યું છે.

સંચાલક પોતે બાહોશ અને અનુભવિ છે. સ્વભાવે નમ્ર અને જબાને મીઠા છે, ધંધાદારી તરીકેની કુનેહ પોતે ધરાવે છે. સમયને અનુસરીને વળાંક લેતાં પણ જાણે છે, ધંધાને ખીલવતાં જાણે છે, આ બધી ચાલાકીઓ અને ખુબીઓને લીધેજ તેઓ આજે ગ્રામોફોનની દુનિયામાં જાહેર અને નામાંકિત બન્યા છે.

માણસને પારખવાની શકિત તેમનામાં અચ્છી છે એની સાબીતી દુકાનના માણસો આપે છે, નોકરવર્ગ અનુભવસિદ્ધ અને ઘડાયલો છે નોકરોની માલીક પ્રત્યેની વફાદારી અને એકનિષ્ઠાના પરિણામમાં આ દુકાન વઢવાણમાં દુઝણી ગાય જેટલી ખ્યાતિ ધરાવે છે.

વેપારી તરીકે નહિં ગણતાં આમ પણ ન્યાલચંદભાઈ ગ્રામોફોન જગત પ્રત્યે આંતરિક પ્રેમભાવ રાખે છે. રેકોર્ડ જગતનું ક્ષેત્ર વધારવામાં તેમણે ઘણો અચ્છો ફાળો આપ્યો છે.

વઢવાણ મુકામ રીપેરીંગની સ્પેશીયાલીટી આ દુકાને હસ્તગત કરી છે, અનુભવસિદ્ધ માલેક અને કુશળ કારીગરોજ ધંધાને ખીલવી શકે છે એ બ્રહ્મસત્ય આ દુકાન સ્પષ્ટ કરે છે,

યુનિવર્સલ વોચ કંપની,

વઢવાણ કેમ્પમાં ટાવર રોડ ઉપર ખુલ્લી જગ્યામાં આવેલી પહેલીજ નજરે આંખોને ખેંચી લે તેવી યુનિવર્સલ વોચ કંપનીની દુકાન આવેલી છે, આ દુકાન ગ્રાહકોનું સારા પ્રમાણમાં ધ્યાન ખેંચી રહી છે, દુકાનની ભવ્યતા પણ એટલીજ સુંદર છે.

યુનિવર્સલ વોચ કંપનીના માલેક મી. શાહ વઢવાણના એક પ્રતિષ્ઠીત વેપારી તરીકે જાહેર છે તેમનો સ્વભાવ ગરમ દિલના ઉકળાટને પણ શમાવી દે તેવો નમ્ર અને માયાળુપણું તેમણે સમ્પૂર્ણ રીતે કબજામાં રાખેલ છે.

'યુનિવર્સલ' ઘડીયાળોનું મોટા પ્રમાણમાં વેચાણ કરે છે, ઘડીયાળોનાં છુટક તેમજ જથ્થાબંધ વેપારી તરીકે આ કંપનીની નામના સારા પ્રમાણમાં જામેલી છે સેઇલીંગ તેમજ રીપેરીંગ બન્ને વિભાગોમાં નોંધ લેવા લાયક કામ આ કંપની બજાવે છે,

'યુનિવર્સલ' 'યંગઈન્ડીયા' રેકોર્ડસની



મી. હસમુખલાલ
લંડન ગ્રામોફોન કંપની.-વડોદરા.

ઓથોરાઈઝડ ડીલરશીપ ધરાવે છે, ઝંડામાર્ક તાવડીઓનું સારૂં વેચાણ આ દુકાન મેળવે છે જ્યારે અન્ય દરેક લેબલની તાવડીઓનું વેચાણ પણ સારૂં કહેવાય.

ગ્રામોફોન રીપેરર તરીકે આ દુકાને સારૂં કામ બજાવ્યું છે.

દુકાન અને ધંધા ઉપરના સુપરવિઝનની લગામ મી. શાન્તિલાલના હાથમાં છે, છે. ગ્રામોફોન અને તેને લગતી દરેક બાબતોનો બારીક અભ્યાસ તેઓ ધરાવે છે. તેમનું સંચાલનકાર્ય ધાંધલીયું નહિ હોવાને કારણે દુકાન ઉપર બેઘડી બેસવાનું મન થઈ આવે એ સ્પષ્ટ વાત છે, તેઓ સંગિતનો અચ્છો શોખ ધરાવે છે, તેથી રેકોર્ડની પરખ અને વેચાણ પણ સુંદર રીતે કરી શકે છે, સંગીતનો શોખ, ખંત અને અનુભવ તેમને દરેક પ્રગતિમાં ભારોભાર ઉત્સાહ પ્રેરતો રહે છે, તેઓ પોતાના કંઠે ગવાયલાં ગાયનો રેકોર્ડો ઉપર ઉતરેલાં સાંભળવા માગે છે અને તે માટેની સર્વ તૈયારીઓ તેમણે કરી નાખી છે.

આ દુકાનની હજુ પણ વધુ પ્રગતિ થાય એમ અમો ઇચ્છીએ છીએ.

વકીલ બ્રધર્સ,

વઢવાણ કેમ્પમાં યુનિવર્સલ વોચ કંપનીની બાજુમાંજ વકીલ બ્રધર્સના નામ સાથે શોભતી ગ્રામોફોનની ભવ્ય દુકાન આવેલી છે. દુકાનનું બહારનું ડેકોરેશન લગભગ યુનિવર્સલ વોચ કંપનીના ડેકોરેશનને મળતુંજ છે, એમજ માનોને બન્ને દુકાનો એક સરખીજ છે!

વકીલ બ્રધર્સે ગ્રામોફોનના ધંધામાં સારી પ્રગતિ કરી છે, ખાસ કરીને રેકોર્ડોનું વેચાણ અત્રે ૭-૧૫ પ્રમાણમાં થાય છે. ગ્રામોફોન અને સ્પેર પાર્ટસનો ઉઠાવ પણ ઠીક કહી શકાય. આ કંપની પાસે 'યંગ-ઇન્ડીયાની ઓથોરાઈઝડ ડીલરશીપ હોવાથી 'ઝંડાબ્રાન્ડ' તાવડીઓ બાર માસમાં ધુમ વેચાણ મેળવે છે, જ્યારે ટવીન, હીઝ માસ્ટર્સ વોઇસ, ઓડીઅન, કોલંબીયા, લોટસ, બ્રોમ્બે વગેરે તાવડીઓનો ઉઠાવ પણ સારી રીતે કરવામાં આવે છે.

અમૃતલાલ મનસુખલાલ.

વઢવાણ કેમ્પમાં ધુરંધર ધંધાદારીઓ વચ્ચે ગ્રામોફોનને લગતું કામકાજ કરવા માટે એક નવિ દુકાન સ્થાપવા માટે દોઢ વેંતના કલેજાવાળા બાહોશ સંચાલકની જરૂરત રહે છે, શ્રી, અમૃતલાલ મનસુખલાલના નામ નીચે અમૃતલાલભાઈએ અને ગોરધનભાઈએ ભાગીદારીમાં એ સાહસ કરવાની હામ બીડી અને તેના પરિણામ રૂપ બાર માસનો તડકો છાંયો જોઇ એક મોભાદાર વેપારીની ગણનામાં તેઓ આવી શક્યા છે, કેવળ બાર માસમાં દુકાને ઝડપી પ્રગતિ કરી છે એમ કહ્યા વિના ચાલે તેમ નથી. કોઇપણ રેકાર્ડ કંપનીની ડીલરશીપ ન હોવા છતાં પણ એક 'નોનડીલર' તરીકે ગ્રામોજગતની ઉમદા સેવા વેપારની દ્રષ્ટિએ આ દુકાને બજાવી છે, ગ્રામોફોન તેમજ તેને લગતા છુટા ભાગોનું વેચાણ પણ ઓછું ન ગણાય, શ્રી. ન્યાલચંદભાઈને ત્યાં સતત અનુભવ પામી આવેલ એક ભાગીદાર દુકાનને ખીલવવામાં અચ્છી કુનેહબાજી વાપરી રહેલ છે. છેલ્લા બાર માસમાં જેટલી મહેનત ઉઠાવી છે તેટલીજ મહેનત હજુ છ માસ સુધી ઉઠાવવામાં આવે તો આ દુકાન એક વખત ચોમેર ગવાતી થઇ જાય, સંચાલકોએ તુરતજ બે ત્રણ જાણીતી કંપનીઓની ઓથોરાઇઝડ ડીલરશીપ મેળવી લેવાની ખાસ જરૂર છે.

વઢવાણ કેમ્પના વેપારી આંતરિક સ્થિતિ ધારવા જેટલી સારી નથી, ધંધાનો બાહ્યિક દેખાવ ગમે તેવા ધુરંધર અવલોકનકારને પણ છક્કડ ખવડાવી દે તેવો ભવ્ય છે,

કોલંબીઆ આર્ટીસ્ટ

દરેક દુકાન ચાહીમ વેપાર કરે છે ગ્રાહકોની ઠેમાર પણ કંઈ ઓછી નથી છતાં ગ્રામોફોનના ધંધામાંથી જે રસકસ મળવા જોઈએ તે વેપારીઓ મેળવી શકતા નથી.

ડીલરશીપ અને નોન ડીલરશીપની અથડામણને અંગે કેમ્પના ડીલરોને ઓછા વત્તા પ્રમાણમાં સહન કરવું પડે છે, એક વેપારી પાસે વઢવાણ કેમ્પની ઓથોરાઈઝડ ડીલરશીપ હોય તો બીજો વેપારી એથી બે માઈલ દુરના જોરાવર નગરની એજન્સી ધરાવતો હોય !

હરિફાઈ ધંધાને તેજ ગતિ જરૂર આપે છે. પરંતુ તેથી ધંધામાં છુપાયલો રસકસ તારવી શકાતો નથી, અંડરસેલની પ્રથાએ અહિંના ધંધાને સારા પ્રમાણમાં ભરખી લીધો છે. હિંદુસ્તાનીઓ નફો લેતા નથી જાણતા એ વાત સોળ આના અને માથે બે પાઈ છે, જો અંડરસેલનું પ્રમાણ જોર ઉપર હોય તો ઓથોરાઈઝડ ડીલરશીપનો અર્થ શો ?

હીઝ માસ્ટર્સ વોઇસ, ટવીન, ઓડીયન અને અન્ય સર્વ લેબલો માટેની એજ ફરિયાદ છે. છે. રેકોર્ડ કંપનીઓ અને અહિંના વેપારીઓએ પુર્ણ વિચારણા ચલાવીને ધંધાને હાનિકર્તા દરદોની તુરતજ દવા કરવાની અતિ જરૂર છે.

દરેક માનવી નફો મેળવવા માટેજ મહેનત કરે છે. હજારોની મુડી રોકીને ધંધો કરનાર વેપારીઓ કંઈ મુર્ખ હોતા નથી તેઓ પણ નફા માટેજ વેપાર કરે છે, તેથી અંડરસેલની પ્રથા નાબુદ કરી સારા નફા સાથે એકજ ભાવની પ્રથા સ્થાપી કરવામાં આવે તો વઢવાણ કેમ્પ ગ્રામોફોનના ધંધામાંથી સારામાં સારૂં રળી ખાય એ વાતમાં શંકાને સ્થાનજ નથી.

વેપારીઓએ પણ આ ધીમે ધીમે ફેલાતા જતા ધીમા ઝેરને નાબુદ કરવા માટે એકત્ર થવાની ખાસ જરૂર છે. જો ધંધાદારીઓ ધંધાની ઉન્નતી માટેના સંગઠિત પ્રયત્નો નહિં કરે તો બીજું કોણ કરશે ? બીઝનેશ ઉપર ઉધઈ ચઢી જાય તે પહેલાં ગંદકી સાફ કરી નાખવાની ધંધાદારીઓની ફરજ છે જે ફરજ ધર્મ કરતાં પણ વધુ કિંમતી છે.

રેડીયોઃ—વઢવાણ કેમ્પમાં ઇલેક્ટ્રીકસીટી વિજળીનો કરંન્ટ એ. સી, છે, આ સર્વમાન્ય કરન્ટ હોવા છતાં પણ હજુ સુધી ખાસ પ્રમાણમાં કોઈના તરફથી પણ રેડીયો બીઝનેશ શરૂ થયું નથી. અહિં રેડીયોને લગતા ધંધાનું ક્ષેત્ર બહોળું છે એમ તો કહેવુંજ પડશે આ બહોળા અને બીન ખેડાયેલા ક્ષેત્રમાં રેડીયો બીઝનેશ કરનાર વ્યક્તિ જરૂર ફાવી શકે કોઈ સાહસિક ધંધાદારીએ આ ધંધામાં મુડી રોકીને મોટે પાયે કામકાજ લેવાની જરૂર છે.

વઢવાણ સીટી.

હસનભાઈ અજીજભાઈ.

વઢવાણ સીટીમાં ઉપરોક્ત ભાઈની નાની સરખી દુકાન સારા લત્તામાં અને જલદીથી આંખે ચડી જાય એવા સ્થાને આવેલી છે, ગ્રામોફોન રેકર્ડસનું વેચાણ આ દુકાને ઠીક પ્રમાણમાં છે દુકાનને વધારવામાં આવે તો ખોટું નથી, ખાસ કરીને ઉર્દુ-હીંદી ભાષાની તાવડીઓનો ઉઠાવ ઘણો સારો કહી શકાય. સસ્તા લેબલોની ઘરાકીનું પ્રમાણ મોટું છે. માલીકની વ્યાપારી બુદ્ધિ ઘણી ઉચ્ચ કક્ષાની હોવાથી ભવિષ્ય માટે સારી આશા રાખી શકાય

કેશવલાલ પ્રેમચંદ.

આ ભાઈએ પોતાના જુદા જૂદા વેપાર સાથે સાઇડ બીઝનેસ તરીકે ગ્રામોફોન અને રેકર્ડો અપનાવેલ છે. વેપાર ઠીક કહી શકાય. ગ્રામોફોનના ધંધા તરફ સારી પ્રગતિ સાધી શકે. ધંધો કરવાની ખુબીઓ તેમનામાં ભરી છે. અને આવા નફાકારક ધંધામાં વેપારી સિવાય બીજુ કોણ રસ તારવી શકે ?

કેમ્પ જેવી ધંધાની ધમાલ સીટીમાં નથી. પરંતુ ઉપરોક્ત બન્ને ધંધાદારીઓ સંજોગ અનુસાર બીઝનેસ ખીલવવાની તમન્ના સેવે છે. તેનો લાભ



પહાડી સન્યાલ

ઓડીઅન આર્ટીસ્ટસ

ઓડીઅન આર્ટીસ્ટસ

મારૂતીરાવ અને તારાદેવી

મારૂતીરાવ અને તારાબાઇ

લરજી લવંગીયા.

વિલાયત હુસેન

મોતીબાઈ.


મારૂતીરાવ અને તારાદેવી

મારૂતીરાવ અને તારાબાઇ

સુરજી સરંગીયા.

વિલાયત હુસેન



મોતીબાઈ.